**જામજોધપુર સમાચાર**
જાહેરાત, પ્રેસનોટ, ટચૂકડી જાહેરાત, મરણ નોંધ
તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે
**જામજોધપુર સમાચાર કાર્યાલય**
જામજોધપુર શહેર મામલતદાર કચેરીની
સામે, પંચવટી કોમ્પ્લેક્ષ, પહેલો માળ,
ઓફિસ નં. ૧૧, જામજોધપુર,
તા.જામજોધપુર,જિ.જામનગર-૩૬૦૫૨૦
મો. ૯૭ ૨૬ ૭૬ ૧૧૧૧

આવનારા સમયનાં પ્રખ્યાત સમાચાર એટલે...

# જામજોધપુર સમાચાર

તંત્રી / માલિક : પરમાર જીતેન્દ્ર

સમગ્ર જામનગર જિલ્લામાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સાપ્તાહિક અખબાર

To,

વર્ષ :૧ અંક :૩ તારીખ :૦૬-૧૧-૨૦૨૫ ગુરૂવાર પાના : ૪ કિંમત રૂા. ૨-૦૦ JAMJODHPUR SAMACHAR WEEKLY NEWS PAPER

E-MAIL: jamjodhpur.samachar@gmail.com NO. GJGUJ/25/A3267 OFFICE MOB. NO. 97 26 76 1111

# રાજયમાં માવઠાથી ૫૦૦૦ કરોડનું નુકસાન

રાજય સરકારના ચાલુ મૂલ્યાંકનના પ્રારંભિક અંદાજ મુજબ તાજેતરના કમોસમી વરસાદથી પાકને ૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંગળવારે ગાંધીનગરમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી, જેમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને પાકને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. મંગળવારે, રાજય સરકારે કેન્દ્રને પત્ર લખીને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે એક ટીમની માંગ કરી હતી અને ખેડૂતો માટે નાણાકીય સહાયની વિનંતી કરી હતી.

આ પહેલા, ૨૯ ઓક્ટોબરના રોજ, પટેલે ખેડૂતોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે સર્વેક્ષણનો આદેશ આપ્યો હતો જેથી રાહત પેકેજની જાહેરાત કરી શકાય. રાજય સરકારે જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૪,૮૦૦ થી વધુ ટીમો યુદ્ધના ધોરણે સર્વેક્ષણ કરી રહી છે.

જોકે સર્વે હજુ ચાલુ છે, પ્રારંભિક સત્તાવાર આંકડા દર્શાવે છે કે ઓક્ટોબરના છેલ્લા અઠવાડિયામાં શરૂ થયેલા વરસાદને કારણે ઓછામાં ઓછા ૧૦ લાખ હેક્ટરમાં પાકને નુકસાન થયું છે, જે ૨૪૯ તાલુકાના ૧૬,૦૦૦ ગામોને અસર કરે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને અન્ય મંત્રીઓએ છેલ્લા દિવસોમાં અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી છે. મુખ્યમંત્રીએ ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના બે ગામોની મુલાકાત લીધી હતી જેથી તાજેતરના કમોસમી વરસાદથી પાકને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને જમીની પરિસ્થિતિ સમજી શકાય. કોડીનાર તાલુકાના કડવાસણની તેમની મુલાકાત દરમિયાન, પટેલે ખેતરોમાં ચાલીને ઓક્ટોબરના છેલ્લા અઠવાડિયામાં કમોસમી વરસાદથી નાશ પામેલા પાકનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીએ સ્થાનિક ધારાસભ્યો અને મંત્રી અર્જુન મોઢવાડિયા સાથે ખેડૂતોની ફરિયાદો સાંભળી અને તેમને ખાતરી આપી કે તેમની સરકાર યોગ્ય પગલાં લેશે. મંત્રીઓએ ભાવનગર, તાપી, જૂનાગઢ, ગીર-સોમનાથ અને અમરેલી જિલ્લાઓની પણ મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં આ બાબતે એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. જેમાં રાજયમંત્રી કૃષિ રમેશ કટારા, મુખ્ય સચિવ એમ.કે. દાસ અને મહેસૂલ, કૃષિ, નાણાં વિભાગ અને મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારીઓ હાજર રહ્યા હતા. રાજય સરકારના સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રારંભિક અંદાજ મુજબ, ૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના પાકને નુકસાન થયું છે, અને વાસ્તવિક આંકડો વધુ હોઈ શકે છે. રાજય સરકાર રાજય આપત્તિ રાહત ભંડોળ અને વધારાના બજેટ સંસાધનો દ્વારા વળતર આપશે. તેમણે ભારત સરકારને પણ પત્ર લખીને ખાસ નાણાકીય સહાયની વિનંતી કરી છે.



# શાકભાજી વેચનારાને લાગ્યો રૂપિયા ૧૧ કરોડનો જેકપોટ

જયપુર જિલ્લાના કોટપુતલી ગામના રહેવાસી અને શાકભાજી વિક્રેતા અમિત સેહરાની જિંદગી અચાનક બદલાઈ ગઈ છે, કેમકે તેને ₹૧૧ કરોડની લોટરી લાગી છે. અમિત સેહરાએ જણાવ્યું કે તે પોતાના એક મિત્ર સાથે પંજાબના મોગા ફરવા ગયો હતો ત્યારે તેણે લોટરીની બે ટિકિટ ખરીદી હતી. એક ટિકિટ તેણે પોતાના નામ પર લીધી હતી અને બીજી ટિકિટ પત્નીના નામ પર લીધી હતી.

રસપ્રદ વાત એ છે કે આ ટિકિટો ખરીદવા માટે અમિતે પોતાના મિત્ર પાસેથી ₹૧૦૦૦ ઉધાર લીધા હતા. જયપુર જિલ્લાના કોટપુતલી ગામના રહેવાસી અમિતે જણાવ્યું કે, તેની પત્નીના નામ પર લીધેલી ટિકિટ પર તેને ₹૧૦૦૦નું ઇનામ મળ્યું છે, જ્યારે તેની ટિકિટ પર ₹૧૧ કરોડનું બમ્પર ઇનામ મળ્યું છે.

લોટરી જીત્યા પછી ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે ચંદીગઢ આવેલા અમિત સેહરાએ આંખોમાં આંસુ સાથે પોતાની વાત કહેતા જણાવ્યું કે, મારી પાસે ઇનામ લેવા ચંદીગઢ પહોંચવા માટે પણ પૈસા નહોતા. આથી મેં મિત્ર પાસેથી પૈસા ઉધાર લીધા, જેથી ઇનામની રકમ લેવા જઈ શકાય.

અમિત સેહરા શાકભાજીની લારી લગાવે છે. તેણે ભઠિન્ડાની એક દુકાનમાંથી લોટરીની ટિકિટ ખરીદી હતી. નસીબે તેનો સાથ આપ્યો અને તેણે પંજાબ સ્ટેટ લોટરી-દિવાળી બમ્પર ૨૦૨૫નું સર્વોચ્ચ ઇનામ જીતી લીધું. લોટરીનું પરિણામ ૩૧ ઓક્ટોબરે જાહેર થયું હતું. ₹૧૧ કરોડ જીત્યા બાદ અમિત સેહરાએ પંજાબ સરકાર અને લોટરી એજન્સીનો આભાર માન્યો અને કહ્યું કે, હવે મારા બધા દુઃખ-દર્દ દૂર થઈ ગયા છે. મોગા ફરવા દરમિયાન મિત્ર પાસેથી ₹૧૦૦૦ ઉધાર લઈને મેં બે ટિકિટ લીધી હતી, જેમાં તેની ટિકિટ પર ₹૧૧ કરોડ અને પત્નીની ટિકિટ પર ₹૧૦૦૦નું ઇનામ નીકળ્યું છે.

# અનેક વસ્તુમાં જીએસટી ઘટયો, પરંતુ ભાવ ન ઘટયાં




કેન્દ્ર સરકારે નવરાત્રીના પ્રથમ દિવસે અંદાજીત ૪૦૦ જેટલી ચીજવસ્તુઓના જીએસટીમાં ઘટાડો કર્યો હતો તેનો દોઢ મહિનો થઈ ગયો હોવા છતાં અનેક ચીજોમાં ગ્રાહકોને જીએસટી ઘટાડાનો લાભ મળ્યો ન હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. કાર જેવી ચીજો પર જ મુખ્યત્વે લોકોને આ લાભ થયો છે. લોકલ સર્કલ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેમાં એવુ બહાર આવ્યુ છે કે, રીટેઈલ દુકાનોમાં વેચાતા માલસામાન પર જીએસટી ઘટાડાનો લાભ મળ્યો નથી અને માત્ર કાર જેવી અમુક પ્રોડકટ-ચીજવસ્તુઓમાં જ ટેકસઘટાડા રૂપે કિંમતો ઘટી છે.

પેકેજડ ફુડ કેટેગરીને લાગેવળગે છે ત્યાં સુધી ૪૨ ટકા ગ્રાહકોએ એમ કહ્યું કે, કિંમતમાં કોઈ ઘટાડો નથી. જયારે ૩૩ ટકા લોકોએ આંશિક લાભ મળતો હોવાનું કહ્યું હતું. માત્ર ૧૩ ટકા લોકોએ સંપૂર્ણ લાભ મળતો હોવાનો દાવો કર્યો હતો.

દવાની કેટેગરીમાં પણ સમાન સ્થિતિ બહાર આવી છે. ૪૯ ટકા લોકોએ કિંમતમાં કોઈ ઘટાડો નહીં થયાનો દાવો કર્યો છે. ૩૦ ટકા લોકોએ આંશિક ઘટાડો થયાનુ સ્વીકાર્યુ છે. ૨૧ ટકા લોકોએ સંપૂર્ણ કાયદો મળી રહ્યાનો દાવો કર્યો છે.ઈલેકટ્રોનીકસ ચીજવસ્તુઓમાં હાલત અમુક અંશે સારી છે. ૩૩ ટકા ગ્રાહકોએ જીએસટી ઘટાડાનો પૂર્ણ લાભ મળ્યાનું સ્વીકાર્યુ છે. ૩૩ ટકા લોકોએ કિંમતમાં આંશિક ઘટાડો થયાનુ કહ્યુ હતું. ૨૮ ટકા લોકોએ કિંમત નહીં ઘટયાનો બળાપો ઠાલવ્યો હતો. કાર ખરીદીમાં ૪૭ ટકા ગ્રાહકોએ જીએસટી ઘટાડાનો લાભ મળ્યાનુ કહ્યુ હતું. ૩૪ ટકા લોકોએ આંશિક લાભ મળ્યાનો અને ૧૪ ટકાએ કોઈ ફાયદો ન થયાનો દાવો કર્યો હતો.વેપારી વર્તુળોએ એમ કહ્યું કે, પેકેજડ ફુડ જેવી અનેક પ્રોડકટમાં કંપનીઓએ ભાવવધારો કરી દીધો હોવાથી ગ્રાહકોને ટેકસ ઘટાડાનો લાભ મળ્યો નથી. આવી કંપનીઓ પર સરકાર કોઈ અંકુશ લગાવી શકી નથી.

# મગફળી વેચવા ખેડૂતોના વાહનોની લાંબી કતાર



જામનગરના હાપા માર્કેટીંગ યાર્ડ બહાર મગફળી વહેંચવા ખેડૂતોની લાંબી લાઈન જોવા મળી રહી છે. જામનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો મગફળી લઈને યાર્ડમાં પહોંચ્યા છે. યાર્ડની બહાર આશરે ૨૦૦ જેટલાં વાહનોમાં મગફળી ભરેલી જોવા મળી હતી.દિવાળીના તહેવારોને કારણે છેલ્લા એક સપ્તાહ સુધી યાર્ડ બંધ રહ્યું હતું. ત્યારબાદ વરસાદી વાતાવરણ સર્જાતા યાર્ડમાં આવક થઈ શકી નહોતી. હવે વાતાવરણ ખુલતા ખેડૂતો પોતાની મગફળી સહિતની પાક ઉપજ લઈને ખુલ્લા બજારમાં વેચાણ માટે આવી રહ્યા છે. ખુલ્લા બજારમાં મગફળીના પૂરતા અને સારા ભાવ મળતા નથી, તેવી ખેડૂતોની ફરિયાદ છે.ખેડૂતોની માંગ છે કે સરકાર ટેકાના ભાવે મગફળીની ખરીદી વહેલાસર શરૂ કરે, જેથી તેમને યોગ્ય ભાવ મળી રહે અને ખુલ્લા બજારમાં પણ ભાવ સ્થિર થાય. આ ઉપરાંત યાર્ડમાં હાલ મગફળીની પુષ્કળ આવક થઈ રહી છે, તેને ધ્યાનમાં રાખીને યોગ્ય વ્યવસ્થાઓ કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. ખેડૂતોનું કહેવું છે કે હાલ તેઓને પોતાની વારે મગફળી વહેંચવા માટે આખી રાત અને કલાકો સુધી લાઈનમાં ઊભું રહેવું પડે છે, જેનાથી ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેથી યાર્ડ તંત્ર દ્વારા મગફળીની સમયસર ખરીદી અને પરિવહનની સુવ્યવસ્થિત વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી ખેડૂતોની માંગ ઉઠી છે.

# BLO તરીકે ગેરહાજર રહેનાર શિક્ષકોની ધરપકડ કરાશે

ઈલેક્શન કમિશનની જાહેરાત બાદ અમદાવાદ સહિત રાજયભરમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવિઝનની એટલે કે મતદાર યાદીના ખાસ વેરિફિકેશનની કામગરી શરૂ કરવામાં આવી છે ત્યારે રાજયભરના પ્રાથમિક સ્કૂલોના શિક્ષકોને બીએલઓ(બુથ લેવલ ઓફિસર)ની કામગીરીના ઓર્ડર થઈ ગયા છે. પરંતુ જેમાં મીટિંગમાં બીએલઓ તરીકે હાજર ન રહેનાર સામે ધરપકડ વોરંટ ઈશ્યૂ કરવાના નિયમને લઈને શૈક્ષણિક સંઘે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.

શિક્ષકોને બુથ લેવલ ઓફિસર તરીકેની સોંપાયેલી કામગીરીમાં ગેરહાજર રહે તો ધરપકડ વોરન્ટ ઈશ્યૂ કરવાના નિયમને લઈને શૈક્ષિક મહાસંઘે ઉગ્ર વિરોધ નોંધાવતા આ મુદ્દે મુખ્યમંત્રીને લેખિત ફરિયાદ પણ કરી છે. શૈક્ષિક સંઘે આ નિયમ દૂર કરવા અથવા આ પ્રથા બંધ કરવાની માંગ કરીને બીએલઓની કામગીરી માત્ર શિક્ષકોને જ ન આપી અન્ય સંવર્ગના કર્મચારીઓને પણ આપવા રજૂઆત કરી છે. શૈક્ષિક સંઘે રજૂઆત કરી છે કે જો કોઈ શિક્ષક-કર્મચારી કોઈ ખાસ કે અન્ય કારણોસર કામગીરી-મીટિંગમાં હાજર ન રહે તો તેની સામે ધરપકડનું વોરંટ ઈશ્યૂ કરવાનો નિયમ ગુલામપ્રથા જેવી પ્રથા છે. શિક્ષક સિવાયના અન્ય કોઈ કર્મચારી દ્વારા ભૂલ થાય તો ધરપકડ વોરંટ ઈશ્યૂ કરાયો હોય તેવુ ધ્યાનમાં નથી ત્યારે શિક્ષકો સામે જ આવો અન્યાય કેમ? શિક્ષકોનું સમાજમાં સન્માન જળવાઈ રહે તે માટે આ પ્રથા દૂર થવી જોઈએ. કેન્દ્રિય ચૂંટણી આયોગ દ્વારા બીએલઓના ઓર્ડર વિવિધ સરકારી તેમજ અર્ધસરકારી કર્મચારીઓને જુદા જુદા સંવર્ગને ધ્યાને રાખી આપવા માટે સૂચના અપાઈ છે. આમ છતાં પણ કુલ બીએલઓની જગ્યાના ૯૦ ટકાથી વધુ જગ્યામાં શિક્ષકોને કામગીરી સોંપાઈ છે.

# વ્યાજબી ભાવની દુકાનોમાંથી અનાજ વિતરણનો પ્રારંભ



આખરે વ્યાજબી ભાવના દુકાનદારો સામે સરકારે નમતુ જોખવી પડ્યું હતું. પરિણામે ચોથા દિવસે અચોક્કસ મુદતની હડતાળ સમેટાઈ હતી. જોકે, ફેર પ્રાઈઝ એસોસિએશને કેબિનેટ મંત્રી સાથે જ મંત્રણા કરવાની જીદ પુરી કરી હતી. અન્ન પુરવઠા વિભાગે દુકાનદારોની મોટાભાગની માંગણીઓ સ્વિકારી લેતાં મામલો થાળે પડયો હતો. આ કારણોસર આજથી જ ગુજરાતમાં વાજબી ભાવની દુકાનો પર અનાજ વિતરણ શરૂ કરાશે. છેલ્લાં ચારેક દિવસથી વાજબી ભાવની દુકાનો સજ્જડ બંધ રહી હતી, જેના લીધે ગરીબ-મધ્યમ વર્ગના કાર્ડધારકો ખાંડ-અનાજથી વંચિત રહ્યા હતા. ત્રણ ત્રણ વખત મંત્રણા કર્યા પછી પણ દુકાનદારો ટસથી મસ થવા તૈયાર નહતા. આ સંજોગોમાં અન્ન પુરવઠા વિભાગના અધિકારીએ દુકાનદારોને જૂના પડતર કેસ ખોલવાની ધમકી આપતા વિવાદ વધુ વકર્યો છે. આ ઉપરાંત સરકારે અનાજ વિતરણથી અળગા રહેલાં દુકાનદારો વિરુધ્ધ કાર્યવાહી કરવા ચિમકી ઉચ્ચારી હતી. આમ છતાં એકેય દુકાનદારે અનાજનો જથ્થો ઉપાડવા ચલણ ભર્યુ ન હતું. દરમિયાન, મામલો વધુ ગંભીર થતાં કેબિનેટ મંત્રીએ ફેર પ્રાઈઝ એસોસિએશનને મંત્રણા માટે તેડુ મોકલ્યુ હતું કેમકે, અન્ન પુરવઠા સચિવ સાથેની બેઠકમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેના કારણે દુકાનદારોએ હવે પછી માત્રને માત્ર કેબિનેટ મંત્રી સાથે જ મંત્રણા કરવાની જીદ કરી હતી. મંત્રીની સાથે ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતીમાં યોજાયેલી બેઠકમાં વાજબી ભાવના દુકાનદારોની મોટાભાગની માંગણી સ્વિકારી લેવાઈ હતી.

(અનુ.પાના ૨ પર)

# ખેડૂતોની સહાય નહીં પરંતુ ધિરાણ માફ કરવાની માંગ

માવઠાએ ગુજરાતમાં દસેક લાખ હેક્ટર જમીનમાં ખેતીને નુકસાન પહોંચાડયુ છે ત્યારે ખેડૂતો આર્થિક રીતે તબાહ થયા છે. બીજી તરફ, કૃષિમંત્રી અને મુખ્યમંત્રીએ સરવે અંગે કરેલી જાહેરાતમાં વિસંગતતા ઉભી થતાં સરકારની જ વિશ્વસનીયતા સામે સવાલ ઊભા થયાં છે. આ જોતા ખુદ સરકાર જ ગોથે ચડી હોય તેવું ચિત્ર ઊભુ થયુ છે. પાક નુકસાનીનો સરવે કરી સહાય કરવા સરકારે ખાતરી આપી છે ત્યારે ખેડૂતોમાં એવો અવાજ ઉઠયો છે કે, ખેતીને એટલું નુકસાન પહોચ્યું છે કે, સહાયથી નુકસાનીની ભરપાઈ થાય તેમ નથી.

ચાલુ વર્ષે ચોમાસુ ખેડૂતો માટે લાભદાયી ઓછુ નિવડ્યું છે જયારે નુકસાનકારક વધુ સાબિત થયુ છે. ભારે વરસાદ વરસતાં લગભગ ચોમાસું પાક લઈ શકાયો નથી. હજુ તો પાક નુકસાનીના સરવેને લઈને ખુદ સરકારમાં જ વિસંગતતા સર્જાઈ છે કેમકે, કૃષિવિભાગના પરિપત્ર મુજબ, ૨૦ દિવસમાં સરવે આટોપી લેવાશે. કૃષિમંત્રી વાઘાણીએ જાહેરાત કરી કે, સાત દિવસમાં સરવે પૂર્ણ થઈ જશે. હવે મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે, ત્રણ દિવસમાં સરવે પૂર્ણ કરીને પેકેજ જાહેર કરાશે. હવે સાચુ શું? હજી સુધી સરકાર નક્કર નિર્ણય પણ કરી શકી નથી પરિણામે ખેડૂતો રોષે ભરાયાં છે. એટલુ જ નહીં, વિસંગતતા ઉભી થતાં ખેડૂતોની સરકાર પ્રત્યે વિશ્વસનીયતા ઘટી છે. ખેડૂતોનું કહેવું છે કે, મોંઘુ બિયારણ, જંતુનાશક દવા, ખાતર અને ખેત મજૂરી પછી વરસાદને લીધે ખેતી તબાહ થઈ છે. બેન્કમાંથી ધિરાણ લઈને ખેતી કરી હોય તે પછી હાથમાં કશું આવે જ નહીં તો હપ્તા ભરવા કેવી રીતે? આ સંજોગોમાં સરકારે પાક સહાયની સાથે સાથે ખેડૂતોનું બેન્ક ધિરાણ અને દેવું માફ કરવું જોઈએ. ખેડૂતોએ સવાલ કર્યો છે કે, જો ઉદ્યોગપતિઓના દેવા માફ થઈ શકતાં હોય તો ગુજરાતના ખેડૂતોના કેમ નહીં?

ખેડૂતોને પાક નુકસાનીનું વળતર આપવા ભાજપના મોટાભાગના ધારાસભ્યોએ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર લખ્યાં છે. મહત્ત્વની વાત એ છે કે, કેટલાંક ધારાસભ્યોએ જ રાહત સહાયની સાથે સાથે ખેડૂતોના બેન્ક ધિરાણ માફ કરવા સરકારમાં રજૂઆત કરી છે, જેથી સરકાર ભેખડે ભરાઇ છે. હજુ પાક સહાયના જ ઠેકાણાં નથી ત્યાં બેન્ક ધિરાણની ક્યાં માંડવી. તેનું કારણ એ છે કે, જો સરકાર કૃષિ પેકેજ ઉપરાંત બેન્ક ધિરાણ માફ કરે તો સરકારી તિજોરી પર ભારણ વધી શકે તેમ છે જે હાલ સરકારને પોષાય તેમ નથી. આ જોતાં ભાજપના ધારાસભ્યો જ ભાજપ સરકારની મુશ્કેલી વધારી રહ્યાં છે. હજુ પાક સહાય ક્યારે મળશે તે નક્કી નથી ત્યારે કૃષિ સહાય અને બેન્ક ધિરાણ માફ કરવાની માંગ પૂરી નહી થાય તો સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપને ખેડૂતોની નારાજગી ભારે પડી શકે તેમ છે.

# અતિવૃષ્ટીથી થયેલ નુકસાન અંગે વળતર આપવા જામજોધપુરના ખેડૂતોની માંગ




જામજોધપુરમાં અતિવૃષ્ટિથી થયેલ નુકસાન અંગે સર્વેના નાટક બંધ કરી વળતર આપવાની માંગણી સાથે ખેડૂતો દ્વારા રેલી યોજી આવેદનપત્ર પાઠવ્યું હતું. અને માંગણી નહીં સ્વીકારાય તો આંદોલનની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. જામજોધપુર તાલુકાના વિવિધ ગામના ખેડૂતો, માલધારીઓ, વિવિધ ગામના સરપંચો સહિત ૨૦૦થી વધુ લોકો દ્વારા રેલી યોજી વિવિધ માંગણીઓ જેવી કે અતિવૃષ્ટિથી ખરીફ પાકોને નુકસાન થયું હોય સરકાર દ્વારા સર્વે ચાલતો હોય સર્વે નાટક બંધ કરી સિધુ જ યોગ્ય વળતર ચૂકવવા માંગણી કરી છે. ખેડૂતોના દેવા માફ કરી માલધારીઓના પશુઓ માટે ઘાસચારો રહ્યો નથી. ઘાસચારો મેળવવો મુશ્કેલ થયો છે. પશુ નિભાવ માટે ઘાસચારાની ખાસ જરૂરીયાત હોય સરકાર દ્વારા તાત્કાલીક ઘાસચારાનું વિતરણ કરવા સહિતની માંગણીઓ સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવાયું હતું. તેમજ જો સરકાર દ્વારા આ માંગણીઓ સમયસર નહીં સ્વીકારાય તો ઉગ્ર આંદોલનની ચિમકી પણ ઉચ્ચારી છે.

# એકતાનગરમાં ભારત પર્વ-૨૦૨૫નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક' મંત્રને ભારત પર્વ ઉજાગર કરે છે-મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેચ્યૂ ઑફ યુનિટી પરિસર, એકતાનગર ખાતે ભારત પર્વ-૨૦૨૫નો વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, આદિજાતિ વિકાસ અને અન્ન નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી પી.સી.બરંડા તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. અખંડ ભારતના નિર્માતા અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે એકતાનગર ખાતે આ ભારત પર્વનું આયોજન કરવામાં આવ્યુ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલો મંત્ર 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક' ને આ ભારત પર્વ ચરિતાર્થ કરે છે. અનેકતામાં એકતા, એ જ આપણી વિશેષતાનો ભાવ પ્રદર્શિત કરતી સંસ્કૃતિની ઝલક ભારત પર્વમાં લોકોને મળવાની છે.

મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીના નિર્માણ દ્વારા સરદારને ઉત્તમ શ્રદ્ધાંજલિ આપી છે. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબે ૫૬૨ રજવાડાઓના વિલિનિકરણથી એક ભારતનું નિર્માણ કર્યું અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિકાસના માર્ગે શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરી રહ્યાં છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આપણે સૌ સદભાગી છીએ કે, આઝાદીના દશકો બાદ આપણને વડાપ્રધાન તરીકે એક એવું નેતૃત્વ મળ્યું છે જેણે 'સ્વ'નો નહીં સમસ્તનો - રાષ્ટ્રહિત પ્રથમનો જ વિચાર હૈયે રાખ્યો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આઝાદી પછી વર્ષો સુધી સરદાર જયંતિ માત્ર પરંપરાગત બિબાઢાળ સરકારી કાર્યક્રમ બની ગઈ હતી, પરંતુ આપણા મોદી સાહેબ એવા વિઝનરી લીડર છે કે, જે કોઈને ના સૂઝે તે તેમને સૂઝે છે. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલે ભારતની એકતા માટે આપેલા બહુમૂલ્ય યોગદાનનું યથોચિત ગૌરવ કર્યું છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, સરદાર સાહેબની જન્મ જયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાની પ્રેરણા ૨૦૧૪થી મોદી સાહેબે દેશવાસીઓને આપી છે. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબના વિરાટ કાર્ય જેટલી જ વિરાટ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી આ વનવાસી પ્રદેશ વિશ્વના નકશામાં ચમક્યો છે. એ જ વ્યવસ્થાઓ, એ જ તંત્ર છતાં જો આગવું વિઝન હોય તો સ્થિતિ કેવી બદલી શકાય તે મોદી સાહેબે એસ.ઓ.યુ. અને એકતાનગરના નિર્માણથી પુરવાર કર્યું હોવાનું જણાવ્યું હતું. ભારત પર્વ અંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આ પર્વમાં દરરોજ સાંજે બે-બે રાજ્યોની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ કરવામાં આવશે. ૪૫ ફૂડ સ્ટોલ અને એક લાઇવ સ્ટુડિયો કિચનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વાનગીઓ પીરસાશે. આ ઉપરાંત ૫૫ હસ્તકલા અને હેન્ડલૂમ સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યાં છે. અહીં ભારત દર્શન પેવેલિયનમાં વિવિધ રાજ્યોના પેવેલિયન બનાવવામાં આવ્યા છે, જેમાં તે રાજ્યોના પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો અને સાંસ્કૃતિક વિશેષતાઓને દર્શાવવામાં આવશે. મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાજીની પણ આ વર્ષે ૧૫૦મી જન્મજયંતિ ઉજવાઈ રહી છે તેના ઉપલક્ષ્યમાં એકતાનગર ખાતે ૧૫ નવેમ્બર બિરસા મુંડા જયંતિએ વિશેષ પ્રસ્તુતિ યોજાશે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, એક ભારત-શ્રેષ્ઠ ભારત જેમ જ અનેકતામાં એકતાની ભાવના આપણા ઉત્સવો-તહેવારોમાં પણ સાકાર થાય છે. ગુજરાતના નવરાત્રી - ગરબા, મહારાષ્ટ્રનો ગણપતિ ઉત્સવ, બિહારીઓની છઠ પૂજા કે પશ્ચિમ બંગાળની દૂર્ગા પૂજા ઉત્સવ આ બધા જ ઉત્સવો દેશમાં જ્યા જ્યાં આ રાજ્યોના મૂળ વતની પરિવારો રોજીરોટી માટે આવીને વસ્યાં છે ત્યાં સૌ સાથે મળીને ઉજવે છે. તેમણે ઉમેર્યુ કે, નરેન્દ્રભાઈની પ્રેરણાથી માધવપૂરનો મેળો રાષ્ટ્રીય એકતાનું પ્રતીક બન્યો છે. આ મેળો પૂર્વોત્તર રાજ્યો અને પશ્ચિમ ભારતને જોડે છે. તેમના માર્ગદર્શનમાં સૌરાષ્ટ્ર-તમિલ સંગમ, કાશી તમીલ સંગમની ઉજવણીથી ભારતની એકતા અને અખંડિતતા વધુ મજબૂત થઈ છે. તેને આ ભારત પર્વ ઉજાગર કરે છે. એટલું જ નહીં દેશના રાજ્યોના રાજભવનોમાં પણ જુદા જુદા રાજ્યોના સ્થાપના દિવસની લોકોના સંગે ઉજવણીથી એક ભારત - શ્રેષ્ઠ ભારતની ભાવના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સાકાર કરાવી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, હવે આ ભારત પર્વ દ્વારા ૧૫ દિવસ સુધી એકતાનગરમાં સમગ્ર ભારત અને ભારતીય પરંપરાઓ પુનઃ જીવિત થવાની છે. વિકાસ ભી, વિરાસત ભીની વડાપ્રધાનની સંકલ્પના સાચા અર્થમાં પાર પડશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને એકતાનગર વિશ્વ કક્ષાનું પ્રવાસન કેન્દ્ર બને તે માટેનું વિઝન આપ્યું છે. સરદારની પ્રતિમાની સાથે સાથે અનેક પ્રવાસન આકર્ષણ આયામો જોડ્યાં હોવાનું જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતના નિર્માણ માટેનો પણ સંકલ્પ કર્યો છે. આ માટે સરદાર સાહેબના ચીંધ્યા એકતાના માર્ગ પર ચાલીને સ્વદેશીને અપનાવવા આહવાન કર્યું હતુ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ભારત પર્વના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. આ અવસરે સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંહ તડવી, એસ.એસ.એન.એલ. ના એમ.ડી. મુકેશ પુરી, પ્રવાસન સચિવ રાજેન્દ્રકુમાર, ટુરિઝમ કોર્પોરેશનના એમ.ડી. પ્રભવ જોષી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના સી.ઈ.ઓ. અમિત અરોરા, ટ્રાયબલ ડેવલપમેન્ટ કમિશનર આશિષકુમાર, જિલ્લા કલેક્ટર એસ. કે.મોદી, ડી.ડી.ઓ. આર.બી.વાળા, પોલીસ મહાનિર્દેશક સંદીપ સિંહ, જિલ્લા પોલીસવડા વિશાખા ડબરાલ, એસઓયુના અધિક કલેક્ટર ગોપાલ બામણીયા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# બોલો...રાજ્યમાં ૭.૫૦ કરોડની માનવ વસતિમાં ૮.૫ લાખ રખડતાં કૂતરાં!

ગુજરાત સહિત સમગ્ર દેશમાં હાલ રખડતાં કૂતરા અને તેના કરડવાથી હડકવાનું જોખમ સતત વધી રહ્યું છે. સુપ્રીમ કોર્ટે તો તેની સ્વયંભૂ નોંધ લીધી છે અને આ અંગે તમામ રાજયના મુખ્યસચિવોને ૩ નવેમ્બરના સુપ્રીમ સદેહે હાજરી આપવાનો આદેશ જારી કર્યો છે. આ સ્થિતિ જ સ્વંય સ્પષ્ટ કરે છે કે, દેશમાં રખડતાં કૂતરાઓની સમસ્યા સામાન્ય નહીં પણ રાજયની સરકારો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માટે મોટી ચિંતાનો વિષય છે. એક માહિતી અનુસાર દેશમાં રખડતાં કૂતરાઓની કુલ સંખ્યા ૧.૫૩ કરોડથી વધુ હોવાનું અનુમાન છે. દર વર્ષે હડકવાથી ૨૦,૦૦૦ ભારતીયો મૃત્યુ પામે છે. જોકે, હાલ રખડતાં કૂતરાઓના કોઈ ચોક્કસ આંકડા ઉપલબ્ધ નથી પરંતુ ૨૦૧૯માં ભારતીય પશુ કલ્યાણ બોર્ડ દ્વારા કરાયેલી પશુ ગણતરીમાં દર વર્ષે ૨ ટકા કૂતરાઓની સંખ્યામાં વૃદ્ધિ દરને માનીને આ અનુમાન મૂકાયો છે. રાજયોમાં રખડતાં કૂતરાઓની વસતિ લાખો અને દેશમાં કરોડથી વધુ પહોંચી છે. એનું એક મુખ્ય કરાણ વધતું જતું શહેરીકરણ અને શહેરી કચરો, કૂતરાઓની બિન અસરકાર નસબંધી અને વસતિની વધતી જતી ગીચતાને માનવામાં આવે છે. દેશમાં સૌથી વધુ રખડતાં કૂતરા ઉત્તરપ્રદેશમાં છે, જયાં તેની સંખ્યા ૨૦.૬ લાખ જેટલી છે. બીજા નંબરે ઓરિસ્સામાં ૧૭.૩ લાખ, મહારાષ્ટ્રમાં ૧૨.૮ લાખ, રાજસ્થાન, કર્ણાટક, પદ્ધમિ બંગાળ, મધ્યપ્રદેશમાં ૧૦-૧૦ લાખ, આંધ્રપ્રદેશમાં ૮.૬ લાખ, ગુજરાતમાં ૮.૫ લાખ અને બિહારમાં ૮ લાખ જેટલી છે. આમ, દેશમાં સૌથી વધુ રખડતાં કૂતરા ધરાવતાં ટોપ-૧૦ રાજયોમાં ગુજરાતનો ક્રમ ૯મો આવે છે. જયારે બીજીબાજુ દિલ્હીમાં ૫.૫ લાખ, પંજાબમાં ૫.૨ લાખ અને નાના ઉત્તર-પૂર્વીય રાજયો જેમ કે મિઝોરમમાં ૦.૦૭ લાખ અને સિક્કિમમાં ૦.૦૫ લાખ જેટલી છે.

હાલની સ્થિતિએ ગુજરાતની અંદાજિત વસતિ ૭.૫૦ કરોડ માની લેવાય તો, તેની સામે ગુજરાતમાં રખડતાં કૂતરાની સંખ્યા ૮.૫૦ લાખ છે. જેનું મુખ્ય કારણ ગુજરાતમાં શહેરોમાં વસતાં લોકોની સંખ્યા કુલ વસતિના ૪૯ ટકા જેટલી છે. જયારે ૫૧ ટકા લોકો ગામડાઓમાં વસે છે. ગુજરાતમાં ૩૪ જિલ્લામાં ૨૩ જેટલી મહાનગરપાલિકાઓ, ૧૪૯ નગરપાલિકાઓ જેટલા શહેરી અને અર્ધ શહેરી વિસ્તારો આવેલા છે. જયારે ૨૪૧ તાલુકા પંચાયતો અને ૧૮ હજારથી વધુ ગામડાં આવેલા છે. એમાં શહેરી-અર્ધ શહેરી વિસ્તારોમાં ખાવાનો થતો બગાડ અને તેને કચરામાં ફેંકી દેવાની આદતને કારણે કૂતરાઓને પૂરતું ખોરાક મળી રહે છે.

# જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમની તૈયારીઓ પૂર્ણ




ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં જેમ મતદાર યાદી સદન સુધારણા કાર્યક્રમ શરૂ થવાનો છે, તે મુજબ જામનગર જિલ્લામાં પણ સમગ્ર તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ અંગે કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને યોજાયેલી પત્રકાર પરિષદમાં માહિતી આપવામાં આવી હતી.

કલેક્ટર કેતન ઠક્કરે જણાવ્યું હતું કે તા. ૪ નવેમ્બરથી ૪ ડિસેમ્બર ૨૦૨૫ સુધી જિલ્લામાં દરેક મતદારોના ઘરે જઈને એન્યુમેરેશન ફોર્મ વિતરણ કરવામાં આવશે. દરેક મતદારોને તેમના ઘરે જઈને મતદાર યાદી સંબંધિત માહિતી ચકાસવામાં આવશે તથા જરૂરી ફેરફાર અથવા સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવશે.

આ કામગીરી માટે જિલ્લાના તમામ બીએલઓ (ઇક્ધ)ને તા. ૧ થી ૩ નવેમ્બર દરમિયાન વિશેષ તાલીમ આપવામાં આવી છે. તેઓને મતદારોના ઘરની ઓછામાં ઓછી ત્રણ વખત મુલાકાત લેવાની રહેશે અને એન્યુમેરેશન ફોર્મ ભરીને જરૂરી દસ્તાવેજો સાથે પરત મેળવવાની રહેશે. મતદારોને ફોર્મ ભરવામાં સહાયતા આપવા માટે માર્ગદર્શન પણ આપવામાં આવશે. ઉપરાંત તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજીને વિગતવાર ચર્ચા કરવામાં આવી છે અને પક્ષોને બૂથ લેવલ એજન્ટ નિમણૂક કરવા માટે પણ અપીલ કરવામાં આવી છે.

આ કાર્યક્રમ હેઠળ તૈયાર થનારી ડ્રાફ્ટ મતદાર યાદી તા. ૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પ્રકાશિત કરવામાં આવશે. ત્યારબાદ તેમાં જરૂરી આક્ષેપ અને સૂચનો સ્વીકારવામાં આવશે. સુધારાયેલ અંતિમ મતદાર યાદી ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવશે. કલેક્ટર કેતન ઠક્કરે જિલ્લામાંના તમામ મતદારોને અપીલ કરી છે કે, તેઓ મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં સક્રિય રીતે સહયોગ આપે જેથી પારદર્શક અને ચોકસાઈભરેલી મતદાર યાદી તૈયાર થઈ શકે.

### આધાર કાર્ડ ફેરફાર કરવા હવે વધુ સરળ

# ૧ નવેમ્બરથી બેન્ક ખાતા અને લૉકરના નિયમો બદલાયા

બેન્ક સાથે જોડાયેલા અનેક નિયમોમાં પહેલી નવેમ્બરથી ફેરફાર થવા જઈ રહ્યા છે. દરેક ખાતાધારક માટે આ નિયમ જાણવા ખૂબ જ જરૂરી છે, જેથી બાદમાં કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે. કારણ કે, આ ફેરફારો તમારી રોજબરોજની જિંદગી પર પણ મોટી અસર પડશે. આ મુખ્ય ફેરફારમાં બેન્ક એકાઉન્ટ અને લૉકરમાં નૉમિની સાથે જોડાયેલા બદલાવ પણ સામેલ છે. જે હેઠળ બેંક ગ્રાહક હવે એક નહીં પરંતુ ચાર નૉમિની પણ રાખી શકે છે. આધાર કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને મ્યુચ્યુઅલ ફન્ડ સાથે જોડાયેલા અમુક નિયમોમાં પણ ફેરફાર થવા જઈ રહ્યો છે. પહેલી નવેમ્બર, ૨૦૨૫થી બેન્કિંગ એક્ટમાં એક મોટો ફેરફાર લાગુ થવા જઈ રહ્યો છે. જે હેઠળ બેન્કિંગ લૉ સંશોધન એક્ટ ૨૦૨૫ અનુસાર, નોમિનેશન સાથે જોડાયેલા નિયમો લાગુ થશે. જેનાથી બેંક ગ્રાહક એક નહીં પરંતુ ૪ લોકોને નૉમિની બનાવી શકે છે. ગ્રાહક કઈ નૉમિનીને સંપત્તિનો કેટલો ભાગ આપવા ઈચ્છે છે, તે પણ નોંધી શકાય છે. એફડી, આરડી અને અન્ય પ્રકારની ડિપોઝિટ માટે પણ નૉમિનીના નિયમ લાગુ થશે. આ સિવાય સિંગલ અને જોઈન્ટ એકાઉન્ટમાં પણ લાગુ પડશે. UIDAI એ આધાર કાર્ડ અપડેટ કરાવવાની પ્રક્રિયાને પણ સરળ બનાવી દીધી છે. આધાર કાર્ડ ધારકનું નામ, સરનામું, જન્મ તારીખ અને મોબાઈલ નંબર જેવી વિગતો અપડેટ કરાવવા માટે હવે આધાર કેન્દ્ર સુધી ધક્કો નહીં ખાવો પડે. કારણ કે, આ તમામ કાર્યવાહી ઘરે બેઠા ઓનલાઈન જ થઈ જશે. બાયોમેટ્રિક ફિંગરપ્રિન્ટ અથવા આંખો સ્કેન કરાવવા માટે જ ફક્ત સેન્ટર જવાનું રહેશે. UIDAI તમારા ડેટાને પાન કાર્ડ, રાશન કાર્ડ, મનરેગા જેવા ડેટાબેઝને આપમેળે જ વેરિફાઈ કરી લેશે. વેરિફિકેશન માટે કોઈ દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર નહીં રહે. બેન્કમાં લૉકર અને સેફ કસ્ટડીના નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આમાં પણ ખાતાધારક નૉમિનીનો ક્રમવાર ઉલ્લેખ કરી શકે છે. જેનાથી સંપત્તિના હસ્તાંતરણ સંબંધિત વિવાદ ઓછો થશે અને સરળતાથી તેને ટ્રાન્સફર કરી શકાશે. જો પહેલો નૉમિની જીવિત નથી તો બીજો નૉમિની સંપત્તિનો દાવેદાર રહેશે.

# એસટી ડિવિઝનને દિવાળીના તહેવારો ફળ્યા

જામનગર એસટી ડિવિઝનને દિવાળીના તહેવારો ફળ્યા હતા. દિવાળીના તહેવારો દરમ્યાન જામનગર એસટી ડિવિઝન દ્વારા વધારાની બસો પણ દોડાવવામાં આવી હતી. જેમાં રૂપિયા સોળ લાખથી વધુની આવક એસટી ડિવિઝનને થવા પામી હતી.

તાજેતરમાં દિવાળીના પર્વની લોકોએ ઉજવણી કરી હતી. દિવાળીના તહેવાર દરમ્યાન બહારગામ અભ્યાસઅર્થે રહેતાં તેમજ નોકરી-ધંધાર્થે રહેતાં લોકો વ્યવસાય માટે રહેતાં લોકો પોતાના વતન આવતા હોય છે. તેમજ લોકો ફરવા પણ જતા હોય, તહેવારો દરમ્યાન એસટી બસોમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળતી હોય છે. જેને ધ્યાને લઈ મુસાફરોના ધસારાને પહોંચી વળવા અને મુસાફરોની સુવિધાને ધ્યાને લઈ જામનગર એસટી ડિવિઝન દ્વારા વધારાની એસટી બસો પણ દોડાવવામાં આવી હતી. જે દિવાળીનું પર્વ એસટીને ફળ્યું હતું. એસટી ડિવિઝને જંગી આવક મેળવી હતી.

દિવાળીના તહેવારોમાં મુસાફરી ધસારાને ધ્યાનમાં લઈ ને જામનગર એસ.ટી. વિભાગ દ્વારા જૂનાગઢ, સોમનાથ, રાજકોટ, ગોધરા, દાહોદ માટે વધારાની બસો દોડાવવામાં આવી હતી. તા. ૧૬ થી ૨૮ ઓક્ટોબર સુધી આ વધારાની બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું.

આ બસોની કુલ ૩૨૮ ટ્રીપ કરવામાં આવી હતી અને ૧૨,૮૭૬ મુસાફરોએ આ બસમાં મુસાફરી કરી હતી. તેમાંથી રૂ. ૧૬,૧૮,૭૭૩ ની આવક થવા પામી હતી. વધારાની બસ દોડાવવાથી મુસાફરોને રાહત મળી હતી અને આસાનીથી પોતાના ગંતવ્ય સ્થળે પહોંચી ગયા હતાં.

# મહિલા ક્રિકેટ ટીમ વિશ્વ વિજેતા થતા જામનગરમાં ઉજવણી કરાઈ




ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વનડે વર્લ્ડ કપ જીતતા જામનગરમાં ઉજવણી કરવામાં આવી હતી. જામનગર શહેર ભાજપ પ્રમુખ સહિતના મહિલોએ ફટાકડા ફોડી, ગરબે રમ્યા હતા અને આ ભવ્ય જીતને વધાવી હતી. આઈસીસી વનડે વર્લ્ડકપની ફાઈનલ મેચ રમાઈ હતી જેમાં ભારતીય ટીમ સાઉથ આફ્રિકાને હરાવી સૌ પ્રથમ વખત વિશ્વ ચેમ્પિયન બની હતી. જેને લઈ સમગ્ર દેશમાં ઉજવણીનો માહોલ છવાયો હતો. દેવદિવાળી અને ભારતીય મહિલા ક્રિકેટરોની આ સિદ્ધિને ખુશી બેવડાઈ હતી. જામનગર શહેરમાં પણ હવાઈ ચોક ખાતે ભારતીય મહિલા ટીમની આ ભવ્ય જીતની ઉજવણી કરવામાં આવી હતી. જામનગર શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, ડે.મેયર ક્રિષ્નાબેન સોઢા, મનીષભાઈ કનખરા સહિતના દ્વારા ફટાકડા ફોડી જીતની ઉજવણી કરવામાં આવી હતી. મહિલાઓ ગરબા રમી જીતની ઉજવણી કરી હતી.

# શેઠવડાળા પોલીસ દ્વારા અરજદારોના ખોવાયેલ મોબાઈલ પરત કરાયા








શેઠવડાળા પોલીસ દ્વારા અરજદારોના ખોવાયેલ મોબાઈલ ફોન શોધી કાઢી મુળ માલીકને પરત સોંપી આપવામાં આવ્યા હતાં.

જામનગર જિલ્લા પોલીસ વડા ડો.રવિમોહન સૈની તથા લાલપુર મદદનીશ પોલીસ અધિક્ષક પ્રતિભા દ્વારા ગુમ થયેલ મોબાઈલ શોધી કાઢી અરજદારોને પરત કરવા સુચના આપી હોય શેઠવડાળાના પોલીસ અધિકારી વી.એસ. પટેલ દ્વારા અલગ અલગ ટીમો બનાવી સીઈઆઈઆર પોર્ટલની મદદથી મોબાઈલ ફોન શોધી તેના મુળ માલીકોની ખરાઈ કરી તેરા તુજકો અર્પણ અંતર્ગત ગોવિંદભાઈ કાંબરીયા, દર્શનાબેન તથા રમેશભાઈ બેલાને તેમના મોબાઈલ ફોન પરત કર્યા હતાં.

# પેરોલ જમ્પ કરનાર આરોપી ઝડપાયો

ખૂન કેસના પેરોલ જમ્પ કરનાર આરોપી તથા તેના સાગરીતોને બે વાહન ચોરીના કેસમાં જામનગર એલસીબી પોલીસે ઝડપી લીધા હતાં. આરોપીઓ વિરૂધ્ધ વિવિધ પોલીસ સ્ટેશનોમાં વિવિધ ગુન્હાઓ નોંધાયેલા છે.

હત્યાના કેસમાં જેલ સજા ભોગવી રહેલ આરોપી પેરોલ પર છુટ્યા બાદ ફરીથી જેલમાં હાજર થયો ન હોય હાલમાં જામનગર શહેરમાં સમર્પણ સર્કલથી બેડી બંદર તરફ જતાં રીંગ રોડ ઉપર હોવાની એલસીબીના યુવરાજસિંહ ઝાલા, હિતેન્દ્રસિંહ જાડેજા તથા કાસમભાઈ બ્લોચને મળેલ બાતમીના આધારે જિલ્લા પોલીસ વડા ડો. રવીમોહન સૈનીની સુચના અને એલસીબીના પીઆઈ વી.એમ. લગારીયા, પીએસઆઈ સી. એમ. કાંટેલિયા, પી.એન. મોરી તથા સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદભાઈ પરમાર, દિલીપભાઈ તલાવાડિયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઈ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, કાસમ બ્લોચ, નિર્મળસિંહ જાડેજા, કિશોરભાઈ પરમાર, ઋષિરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, ભરતભાઈ ડાંગર, ઘનશ્યામભાઈ ડેરવાડિયા, સુમિતભાઈ શિયાર, સુરેશભાઈ માલકિયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, દયારામ ત્રિવેદી, બિજલભાઈ બારાસરા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર સહિતના સ્ટાફે રેઈડ દરમિયાન તેજશ શાંતિલાલ પંડ્યા અને તેના સાગરીત રાજુ ઉર્ફે રાજીયો બરેલો રામ કોડીયાતર નામના બે શખ્સોને ઝડપી લીધા હતાં અને તેની પાસેથી રૂ.૪૦,૦૦૦ની કિંમતના બે મોટરસાઈકલ કબ્જે કર્યા હતાં.

આરોપીઓએ પુછપરછ દરમિયાન મોટરસાઈકલ પાર્ક કર્યા હોય તે જગ્યાએથી મોટરસાઈકલ ડાયરેક્ટ ચાલુ કરી ચોરી કર્યાની કેફીયત આપી હતી. આરોપીઓ પૈકી તેજશ પંડ્યા વિરૂધ્ધ ૧૧ ગુન્હા નોંધાઈ ચુક્યા છે. અને હત્યાના કેસમાં રાજકોટ મધ્યસ્થ જેલમાં ૧૦ વર્ષની સજા ભોગવી રહ્યો છે. તથા અન્ય આરોપી રાજુ કોડીયાતર વિરૂધ્ધ પણ પાંચ ગુન્હાઓ નોંધાઈ ચુક્યા છે.

## અનુસંધાન

### ધ્રોલ પાસે બે

સ્વિફ્ટ કાર મળી કુલ રૂપિયા ૬,૯૭,૮૦૦ના મુદ્દામાલ સાથે અશોક પ્રતાપ પરમાર (રહે. સ્મશાન પાછળ, સ્વામીનારાયણ નગર, જામનગર) તથા દીપક દેવજી શિયાળ (રહે. નાગેશ્વર કોલોની, જામનગર) નામના બે શખ્સોને દબોચી લઈ પૂછપરછ હાથ ધરતાં દારૂનો જથ્થો રણજિતસાગર રોડ પર મારૂ કંસારા હોલવાળા ઢાળિયા પાસે રહેતાં સદ્દામ ઉર્ફે મુન્નો બોદુ સફીયા નામના શખ્સે મંગાવ્યો હોવાની કેફિયતના આધારે એલસીબીએ ૩ શખ્સો વિરૂધ્ધ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી કાર્યવાહી હાથ ધરી હતી.

### વ્યાજબી ભાવની

હવે દુકાનદારોને રૂ.૨૦ હજાર નહી પણ રૂ.૩૦ હજાર કમિશન મળશે. સાથે સાથે બોરી દીઠ રૂ.૧.૫૦ને બદલે રૂ.૩ કમિશન ચૂકવવામાં આવશે. તકેદારી સમિતીની હાજરીમાં દુકાન પર અનાજનો જથ્થો ઉતારવાનો પરિપત્ર અન્ન પુરવઠા વિભાગે દુકાનદારોની જીદને પગલે રદ કરવો પડ્યો છે. હવે માત્ર બે સભ્યોની હાજરીમાં અનાજનો જથ્થો ઉતારવામાં આવશે. છેલ્લાં ઘણાં વખતથી સર્વરના ધાંધિયા ચાલી રહ્યાં છે.

# કલેકટરની મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક સંપન્ન




ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૨૭-૧૦-૨૦૨૫ના પત્રથી તા.૦૧-૦૧-૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ જાહેર કરવામાં આવ્યો છે. જે તા. ૨૮-૧૦-૨૦૨૫થી તા. ૦૭-૦૨-૨૦૨૬ સુધી ચાલશે.

મતદાર મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કેતન ઠકકરે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે કલેકટર કચેરી ખાતે બેઠક યોજી હતી. અને તેઓને આ કાર્યક્રમ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. તા.૦૪-૧૧-૨૦૨૫ થી તા.૦૪-૧૨ સુધી ગણતરીનો સમયગાળો અને તા.૦૪-૧૨-૨૦૨૫સુધીમાં મતદાન મથકોનું રેશનલાઈઝેશન/રી-એરેન્જમેન્ટ. તા.૦૫-૧૨-૨૦૨૫થી તા.૦૮-૧૨-૨૦૨૫ સુધી કંટ્રોલ ટેબલનું અપડેશન અને મુસદ્દા મતદારયાદીની તૈયારી. તા.૦૯-૧૨-૨૦૨૫ના રોજ મુસદ્દા મતદારયાદીની પ્રસિદ્ધિ. તા.૦૯-૧૨-૨૦૨૫થી તા.૦૮-૦૧-૨૦૨૬ સુધી હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજુ કરવાનો સમયગાળો રહેશે. તા.૦૯-૧૨-૨૦૨૫થી ૩૧-૦૧-૨૦૨૬ સુધીમાં નોટિસ તબક્કો (નોટિસ ઈશ્યુ કરવી, સુનાવણી અને ચકાસણી); ગણતરી ફોર્મ પર નિર્ણય અને EROs દ્વારા સમકાલીન રીતે હક્ક-દાવા અને વાંધા અરજીઓનો નિકાલ કરવો. તા.૦૩-૦૨-૨૦૨૬ના મતદારયાદીના હેલ્થ પેરામીટર્સની ચકાસણી અને આખરી પ્રસિદ્ધિ માટે ચૂંટણીપંચની પરવાનગી મેળવવી. તા. ૦૭-૦૨-૨૦૨૬ના રોજ મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે.

બુથ લેવલ ઓફિસર (બીએલઓ) દ્વારા તા. ૦૪-૧૧-૨૦૨૫થી તા. ૦૪-૧૨-૨૦૨૫ સુધીમાં મતદારયાદીના આધારે એન્યુમેરેશન(ગણતરી) ફોર્મ દરેક મતદારોના ઘરે ઘરે જઈ તેનું વિતરણ કરવામાં આવશે. જો કોઈ મતદાર મળી નહિ આવે તો બીએલઓ દ્વારા દરેક મતદારના ઘરે ઓછામાં ઓછી ત્રણ વખત મુલાકાત લેવાશે. મતદારયાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમ દરમિયાન મૃત્યુ, કાયમી સ્થાળાંતરીત અને ડુપ્લિકેટ મતદારોને દુર કરવામાં આવશે અને નવા લાયક મતદારોને ઉમેરવામાં આવશે.

જામનગર જિલ્લાના તમામ મતદાન મથકોમાં સમાવિષ્ટ તમામ મતદારોની ખરાઈ તા. ૦૪-૧૧-૨૦૨૫ થી બુથ લેવલ ઓફિસર દ્વાર શરૂ થનાર છે. સને-૨૦૦૨ની મતદારયાદીનાં સંદર્ભમાં થનાર આ કાર્યક્રમમાં મતદારો https://voters.eci.gov.in પરથી અગાઉના સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૦૨માં પોતાનું નામ ચકાસી શકશે. બુથ લેવલ અધિકારી દ્વારા તમામ મતદારોનાં ઘેર જઈને Enumeration Form આપશે તથા ફોર્મ ભરવા જરૂરી માર્ગદર્શન આપશે. તેમ કલેકટર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી. એન. ખેર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દીપા કોટક તેમજ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય: હવે ડિજિટલ સહીવાળા જન્મ-મરણ પ્રમાણપત્ર પણ માન્ય ગણાશે

ગુજરાત સરકારે રાજ્યની તમામ સરકારી, અર્ધ-સરકારી અને અન્ય કચેરીઓમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવેથી તમામ પ્રકારની સત્તાવાર કાર્યવાહી માટે ડિજિટલ હસ્તાક્ષરવાળા જન્મ અને મરણના પ્રમાણપત્રોને ફરજિયાતપણે માન્ય ગણવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ અંગેનો પરિપત્ર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યો છે. આરોગ્ય અને તબીબી સેવા વિભાગના પરિપત્ર મુજબ, આ નિર્ણય દેશભરમાં એકસૂત્રતા, પ્રમાણિકતા અને ચકાસણીની સરળતા સુનિશ્ચિત કરવા માટે લેવાયો છે.

હાલમાં જન્મ અને મરણની તમામ નોંધણી કેન્દ્ર સરકારના સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ પોર્ટલ દ્વારા કરવામાં આવે છે. રાજ્યમાં ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી આ પ્રક્રિયા રાજ્યના ઇ-ઓળખ એપ્લિકેશનમાંથી CRS પોર્ટલ પર તબદીલ કરવામાં આવી છે. પોર્ટલ દ્વારા જનરેટ થતા જન્મ અને મરણના પ્રમાણપત્રોમાં સંબંધિત રજિસ્ટ્રાર અથવા સબ-રજિસ્ટ્રારની ડિજિટલ સહી હોય છે, જે તેમની વિશ્વસનીયતા સાબિત કરે છે. આ પ્રમાણપત્રો નાગરિકોને ઓટોમેટિક ઈમેલ દ્વારા મોકલી આપવામાં આવે છે અથવા તેઓ રજિસ્ટ્રારની કચેરીમાંથી સીધા મેળવી શકે છે. આ નિર્ણયના પગલે હવે આવા પ્રમાણપત્રો રાજ્યના તમામ સરકારી વિભાગોમાં સ્વીકાર્ય બનશે. આ પહેલ 'ડિજિટલ ગુજરાત'ના લક્ષ્યને મજબૂત કરવા તરફનું એક નક્કર પગલું છે.



# સિનીયર મહિલા સિઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે સિલેકશન નેટ

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન આયોજીત સિનીયર મહિલા સિઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે તા.૧૫ અને ૧૬ નવેમ્બરના ક્રિકેટ બંગલા ખાતે સિલેકશન નેટનું આયોજન કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન દ્વારા સિનીયર ગર્લ્સ ક્રિકેટ ટુર્નામેન્ટ ઈન્ટર ડિસ્ટ્રીકટ રમાનાર છે જે અનુસંધાને જામનગર ડિસ્ટ્રીકટ ટીમની પસંદગી કરવા માટે સિલેકશન નેટનું તા.૧૫ અને ૧૬ નવેમ્બરના સવારે ૯ થી ૨ દરમિયાન ક્રિકેટ બંગલો અજીતસિંહ પેવેલીયન જામનગર ખાતે રાખવામાં આવ્યું છે. પસંદગી પામવા ઈચ્છીત ખેલાડીઓએ પોતાના ડોકયુમેન્ટ, આધારકાર્ડ/જન્મ તારીખ દાખલો તથા રહેઠાંણ આધાર પુરાવા સાથે ક્રિકેટ કોચ મહેન્દ્રસિંહ ચૌહાણનો સંપર્ક સાંધી વિગત સાથે નામ નોંધાવી દેવા પસંદગી સમિતિના સભ્ય તરીકે કશ્યપ મહેતા (રણજી પ્લેયર) ચેરમેન, જયશ્રીબા જાડેજા (પૂર્વ સિનીયર પ્લેયર સૌરાષ્ટ્ર), બાલક્રિષ્ન જાડેજા (રણજી પ્લેયર), સુનીલ વાઘેલા (જામનગર ડિસ્ટ્રીકટ પ્લેયર), વિજય બાબરીયા (જામનગર ડિસ્ટ્રીકટ પ્લેયર) રહેશે. વધુ વિગત માટે ક્રિકેટ બંગલા પર મહેન્દ્રસિંહ ચૌહાણનો સંપર્ક કરવા યાદી જણાવે છે.

# રાજ્યની અદાલતોમાં હવે A-4 સાઇઝના પેપર ફરજિયાત

ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક પરિપત્ર જાહેર કરી હવેથી રાજયની તમામ જિલ્લા અદાલતો-કોર્ટોમાં તમામ પ્રકારની પિટિશન, એફિડેવીટ, એપ્લીકેશન, ઓર્ડર, જજમેન્ટ વગેરે એ-૪ સાઈઝના પેપર પર જ દાખલ કરવાના રહેશે. રાજયની તમામ જિલ્લા અદાલતો માટે લાગુ પાડવામાં આવેલ આ નિયમની અમલવારી પહેલી જાન્યુઆરી, ૨૦૨૬થી કરવી પડશે.

એ-૪ સાઈઝના પેપર સાથે આ બાબતોનું પણ રાખવું પડશે ધ્યાન પરિપત્રમાં ચોક્કસ એ-૪ સાઈઝના પેપરના ઉપયોગની સાથે સાથે તેની કવોલિટી, ગુજરાતી ફોન્ટ, અંગ્રેજી ફોન્ટ, લાઇન સ્પેસિંગ સહિતની બાબતોનો પણ ખાસ ઉલ્લેખ કરાયો છે. તેથી તેની આ નિયમાનુસાર અમલવારી કરવાની રહેશે.

પેપરની વિગત જોઈએ તો, એ-૪ સાઇઝ (૨૯.૭ સે.મી ૪ ૨૧ સે.મી), કવોલિટી ઓછામાં ઓછી ૧૫ જીએસએમ પ્રકારની હોવી જોઈશે, બંને બાજુ પ્રિન્ટીંગ શકય રહેશે, ગુજરાતી ફોન્ટ એલએમજી અરૂણ - ટેરાફોન્ટ અરૂણ (ફોન્ટ સાઇઝ ૧૬), લાઈન સ્પેસિંગ ૧.૫ (કવોટેશન અને ઈન્ડેન્ટ માટે), ઉપરાંત ડાબે-જમણે ચાર સે.મીનું અને ઉપર નીચે ૨ સે.મીનું માર્જિન રાખવાનું રહેશે.

ગુજરાત રાજ્યની તમામ જિલ્લા અદાલતોમાં એ-૪ સાઇઝના પેપર સહિતની ઉપરોકત નિયમો અને નિર્દેશોની પહેલી જાન્યુઆરી, ૨૦૨૬થી અમલવારી કરવાની રહેશે. નીચલી કોર્ટમાં અત્યાર સુધી લીગલ સાઈઝ, એ-૪ સાઈઝ સિવાયની મોટી સાઈઝમાં પણ ફાઈલિંગ થતું હતું. પિટિશનની મુખ્ય કોપી લેજર પેપર પર થતી હતી.

કોઈપણ અરજી કે, ફરિયાદ તથા સોગંદનામા કોઈપણ સાઇઝમાં ફાઇલ થઈ શકતા હતા.જો કે, હવે હાઇકોર્ટના પરિપત્રના કારણે એ-૪ સાઇઝ પેપર, ફોન્ટ, માર્જિન, લાઇન સ્પેસિગ સહિતની તમામ બાબતોમાં ચોકસાઈ, બારીકાઈ અને એકસમાનતા જળવાશે. ગુજરાત હાઇકોર્ટના આ નવા નિર્ણયને લઈ રાજયની નીચલી અદાલતોમાં વકીલો-પક્ષકારો સહિત કોર્ટ કર્મચારીઓમાં પણ ભારે ચર્ચા ચાલી રહી છે.

# મુસાફરોની સુવિધા માટે રાજકોટ-વેરાવળ પેસેન્જર ટ્રેનમાં ૧૧ વધારાના જનરલ કોચ લગાડાશે

મુસાફરોની વધતી માંગ અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ-વેરાવળ પેસેન્જર ટ્રેનમાં અસ્થાયી રૂપે ૧૧ વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ટ્રેન સં. ૫૯૪૨૧ (રાજકોટ-વેરાવળ પેસેન્જર) માં તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ૧૧ વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે. ટ્રેન સં. ૫૯૪૨૨ (વેરાવળ-રાજકોટ પેસેન્જર) માં તારીખ ૦૧ નવેમ્બર, ૨૦૨૫ થી ૦૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ૧૧ વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે.

આ અસ્થાયી વધારો આગામી તહેવારોના સમયગાળા દરમિયાન મુસાફરોની વધુ ભીડને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે, જેથી મુસાફરોને મુસાફરી દરમિયાન વધુ સુવિધા મળી શકે અને તેમની યાત્રા સરળ અને સુરક્ષિત બની શકે તેમ જનસંપર્ક કાર્યાલય, પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝનની યાદીમાં જણાવાયું છે.

# આપના વાહનને જાણો, ફાસ્ટેગમાં નવો નિયમ આવ્યો

## વાહન માલિકોએ ગાડીનો ફોટો, રજીસ્ટ્રેશન સર્ટિફીકેટ, ફાસ્ટ્ટેગમાં અપલોડ કરવા પડશે




વારંવાર કેવાયસી બાદ હવે વાહન માલિકો માટે સરકારે નવો નિયમ લાગુ કર્યો છે, કેવાયવી એટલે કે આપના વાહનને જાણો, હવે દરેક ફાસ્ટેગ યુઝરે પોતાની ગાડીની ફોટો અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ (આરસી) અપલોડ કરવી પડશે. ટ્રકચાલકો દ્વારા કાર માટે બનેલ ટેગના દુરુપયોગના મામલાના કારણે કેવાયવીને ૩૧ ઓકટોબર ૨૦૨૪થી એક ફરજીયાત પ્રક્રિયા તરીકે લાગુ કરવામાં આવ્યું હતું, સરકારનો દાવો છે કે, કેવાયવીથી સિસ્ટમ પારદર્શી હશે, પરંતુ આમજનો માટે તે માથાનો દુ:ખાવો બની ગયું છે. અનેક વાહનચાલકોને ટોલ પ્લાઝા પર રોકી દેવામાં આવ્યા. કારણ કે તેમનું ફાસ્ટેગ 'કેવાયવી'નું પાલન ન કરવાના કારણે ચાલી નથી રહ્યું. આપ ઉપરાંત અપલોડ પ્રક્રિયામાં એરર આવવી, વારંવાર ફોટો ખેંચવા, દસ્તાવેજ સબમીટ કરવા, અને વેબસાઈટનું અટકી જવુ જેવી ફરિયાદોથી વાહનચાલકોની પરેશાની વધી ગઈ છે.

લોકો સતત સોશિયલ મીડીયા પર આ સંબંધમાં પોતાની ફરિયાદો કરી રહ્યા છે. સૂત્રો મુજબ ફરિયાદોને પગલે માર્ગ પરિવહન મંત્રાલયે બેન્કોને કહ્યુ છે કે કેવાયવી ન કરવા પર તરત ફાસ્ટેગ ડીએકટીવેટ ન કરે, પહેલા ગ્રાહકોને જાણ કરે. આવી રીતે કરવી પડશે કેવાયવી: દરેક ફાસ્ટેગને તેના વ્હીકલ રજીસ્ટ્રેશન નંબર (બીઆરએમ) અને ચેસીસ નંબર સાથે લિંક કરવું જરૂરી છે. આ ઉપરાંત યુઝરે ગાડીની આગળ અને સાઈડથી ફોટો લઈને આરસી સાથે અપલોડ કરવી પડશે. બેન્ક કે ફાસ્ટેગ ઈસ્યુ કરનાર એજન્સી 'વાહન' ડેટાબેઝ સાથે મેળવીને વેરિફાઈ કરશે. કેવાયવી વિનાનું ફાસ્ટેગ આપોઆપ ડીએકટીવેટ થઈ જશે. કેવાયવી એક વાર નહીં, બલકે દર ત્રણ વર્ષે કરાવવી પડશે, જેથી ડેટાબેઝ અપડેટ રહે અને છેતરપીંડી ન થઈ શકે. એક વાહન એક ટેગનું પાલન કરવું પડશે.

# જામનગરના પ્રભારી અર્જુનભાઈ મોઢવાડિયાને જવાબદારી





મુખ્યમંત્રી દ્વારા મંત્રીઓને વિવિધ જિલ્લાના પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં જામનગરના પ્રભારી તરીકે અર્જુનભાઈ મોઢવાડિયાને જવાબદારી સોંપવામાં આવી છે તેમજ જામનગરનાં રીવાબા જાડેજાને બોટાદના પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વહીવટી તંત્રને વધુ સુદ્દઢ અને સંગઠિત કરવાના ઉદ્દેશ્યથી મંત્રીમંડળના સભ્યોને પ્રભારી મંત્રીઓ તરીકે જિલ્લાઓની ફાળવણી કરી છે. નાયબ મુખ્યમંત્રી સહિત કુલ ૨૫ મંત્રીઓને રાજ્યના વિવિધ જિલ્લાઓનો પ્રભાર સોંપવામાં આવ્યો છે. આ નિર્ણય દ્વારા મંત્રીઓ પોતપોતાના પ્રભારી જિલ્લાઓમાં સરકારી યોજનાઓ, વિકાસના કાર્યો અને વહીવટી પ્રવૃત્તિઓનું સીધું નિરીક્ષણ કરી શકશે, જેનાથી પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ વધુ ઝડપી બની શકશે. જામનગરના પ્રભારી તરીકે અર્જુનભાઈ મોઢવાડિયાને જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના શિક્ષણ મંત્રી અને જામનગર ઉત્તરના ધારાસભ્ય રીવાબા જાડેજાને બોટાદના પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

# જી.જી. હોસ્પિટલની નવી ઓપીડી બિલ્ડીંગની સગવડો અંગે સમીક્ષા

જામનગરની ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલના નવીનીકરણ પ્રોજેક્ટના ભાગરૂપે, નવા બાંધકામની જગ્યાના ડીમોલિશન અન્વયે તૈયાર થઈ ચૂકેલા નવા ઓપડી એરિયામાં તબક્કાવાર શિફ્ટિંગ માટેની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. આ તૈયારીના ભાગરૂપે મ્યુનિસિપલ કમિશનર જામનગર દ્વારા મોકલવામાં આવેલી ટીમ સાથે સંયુક્ત સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કમિશનર દ્વારા જાહેર જનતાને શિફ્ટિંગ દરમિયાન મહત્તમ સગવડ મળી રહે તે માટે સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપવામાં આવી છે. જાહેર જનતાના લાભાર્થે, જ્યારે ઓપીડી વિસ્તારમાં દૈનિક આશરે ૬૦૦૦ દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓની અવર-જવર રહેશે તેવા સંજોગોમાં તેમના માટેની બેઠક વ્યવસ્થા અને જરૂરી પાર્કિંગ વ્યવસ્થા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પાર્કિંગ વ્યવસ્થા માટે કોલેજ કમ્પાઉન્ડની દિવાલની બહારનો વિસ્તાર તૈયાર કરવા માટેનું જાત નિરીક્ષણ કરીને તેની દરખાસ્તો તૈયાર કરી મ્યુનિસિપલ કમિશનરને સાદર કરવામાં આવી છે. આ તમામ વિસ્તાર યોગ્ય પાર્કિંગ અને અન્ય જરૂરી સગવડો સાથે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયા બાદ જ જી.જી. સરકારી હોસ્પિટલ ખાતેની ઓપીડીને નવા બનાવેલા અત્યાધુનિક બાંધકામમાં શિફ્ટ કરવાની થશે તેવું નક્કી કરવામાં આવ્યું છે.



# માવઠાથી થયેલી ખેતીના નુકશાનીની સર્વે કામગીરી પૂર્ણ થઇ



જામનગર શહેર અને જિલ્લામાં હાલમાં જ કમોસમી વરસાદના કારણે ગ્રામ્ય પંથકમાં ખેડૂતોને ભારે નુકશાનીનો બેવડો માર પડયો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ખેડૂતોને થયેલી નુકશાની માટે સર્વે કામગીરીનો આદેશ આપવામાં આવ્યો હતો. જેના પગલે જામનગરની ખેતીવાડી શાખાની ૩૩૨ ટીમો દ્વારા જામનગર તાલુકા, લાલપુર, ધ્રોલ, જોડિયા, કાલાવડ અને જામજોધપુરના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોને કમોસમી માવઠાથી થયેલા નુકશાનનો સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાજ્ય સરકારના આદેશ બાદ આ કામગીરી સત્વરે પૂર્ણ કરી સરકારમાં રીપોર્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ સર્વે કામગીરીમાં જિલ્લામાં આશરે ૩ લાખ હેકટરથી વધુના વાવેતરમાં કમોસમી માવઠાથી નુકશાની થયાનો અંદાજ છે.

# ગુજરાત પ્રદેશ હિન્દુ સેના પદાધિકારીઓની બેઠક યોજાઇ

ગુજરાતમાં હિન્દુ સેનાનું કાર્ય વધતું હોય જેને લઇ ૩૦ ઓકટોબર ૨૦૨૫ ના રાત્રે ૩૦ મિનિટ સુધી ગુજરાતના પદાધિકારીઓની ઓનલાઈન બેઠક મળી હતી, જે બેઠકમાં ગુજરાત પ્રદેશ હિન્દુ સેના અધ્યક્ષ પ્રતીક ભટ્ટ (જામનગર), પ્રદેશ ઉપાધ્યક્ષ વિનયજી શર્મા (કર્ણાવતી), કોમલસિંહ ભદોરીયા સંગઠન મંત્રી, મયુર પટેલ યુવા પ્રમુખ, તરુણ શર્માજી સચિવ દ્વારા હિન્દુ સેનાના કાર્યને વેગ મળે તે અનુસંધાને ગુજરાતના ૧૦ જિલ્લામાં હિન્દુ સેના પ્રદેશ અધ્યક્ષ અને ૫ જિલ્લા માં હિન્દુ સેના પ્રદેશ ઉપાધ્યક્ષ દ્વારા ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી પ્રવાસ કરવાનું આયોજન થયેલ છે. જે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં પુર્ણ કરી જાન્યુઆરી ૨૦૨૬ માં દિલ્હી રાષ્ટ્રીય સ્તરની બેઠકમાં ઉપસ્થિત રહી અહેવાલ રજૂ કરાશે અને હિન્દુ સેના રાષ્ટ્રીયસ્તરની સંગઠનલક્ષી આ બેઠકમાં સંપૂર્ણ નેતૃત્વ ગુજરાતનું રહેશે. તેમજ કેન્દ્રસ્તરમાં હિન્દુ સેનાના કાર્યને વેગવંતું બનાવવા સંગઠન માળખા તૈયાર કરવાના રહેશે, સાથો સાથ ૨૦૨૬ થી હિન્દુ સેનાના પ્રશિક્ષણ વર્ગો, રાજ્ય સ્તરે સંમેલનનું આયોજન પણ નક્કી કરવામાં આવશે.




આ તમામ કાર્યોને સફળ બનાવવા હિન્દુ સેના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તેમજ રાષ્ટ્રીય કારોબારીના સદસ્ય પ્રતિક ભટ્ટની જવાબદારી રહેશે તેવી હિન્દુ સેના રાષ્ટ્રીય અધ્યક્ષ વિષ્ણુ ગુપ્તાજીએ સુચના આપી છે. આ તમામ કાર્યોને લઈ ૧ નવેમ્બર ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ માં વિશેષ જવાબદારી રૂપે કાર્યો કરવાના હોય જેથી જામનગર જિલ્લાની હિન્દુ સેનાની કોઈ પણ કામ કે કાર્યો માટે સૌરાષ્ટ્ર મંત્રી મયુરભાઈ ચંદન મો. ૮૮૬૬૨૨૪૫૬૭ અને હિન્દુ સેના કાર્યાલય, ૩૦૫ વિશાલ કોમ્પ્લેક્સ,૧૨ દિગ્વિજય પ્લોટ, અંબિકા ડેરી ની સામે, જામનગર કોઈપણ માહિતી કે કાર્યો કે કાર્યક્રમ માટે સંપર્ક કરવા યાદી જણાવે છે.

# મહેન્દ્રસિંહ ધોની કુલ અંદાજમાં જામનગર એરપોર્ટ પર



ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કપ્તાન અને ''કેપ્ટન કુલ'' તરીકે જાણીતા મહેન્દ્રસિંહ ધોની જામનગર એરપોર્ટ પરથી મુંબઈ જવા રવાના થયા હતા. તેઓ એરપોર્ટ પર હંમેશાની જેમ પોતાના કુલ અંદાજમાં જોવા મળ્યા હતા. છેલ્લા ચાર દિવસથી ધોની અંબાણી પરિવારના વિશેષ મહેમાન તરીકે જામનગરમાં રોકાયા હતા અને તેમણે નીતા અંબાણીના જન્મદિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. મહેન્દ્રસિંહ ધોની પરીવાર સાથે જામનગરમા અંબાણી પરિવારના મહેમાન બન્યા હતા.

# સરકારી જમીન પર બે દાયકાથી દબાણ કરનાર સામે ગુનો

ભાણવડ વિસ્તારમાં આવેલી સરકારી પડતર જમીન પર ગેરકાયદેસર રીતે કબ્જો જમાવી રાખવા દબાણ હનુમાનગઢ ગામના શખ્સ સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડના ઇન્ચાર્જ મામલતદાર જલ્પેશભાઈ રામદેભાઈ બાબરીયાએ પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના હનુમાનગઢ ગામના રામદેવ જગાભાઈ ગોઢાણીયા સામે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવાયું છે કે ભાણવડથી આશરે ૬ કિલોમીટર દૂર ઘુમલી ગામની સીમમાં આવેલી રેવન્યુ સર્વે નંબર ૩૨ વાળી ૨.૩૯ હેક્ટરની સરકારી પડતર જમીન છેલ્લા આશરે વીસેક વર્ષથી પચાવી પાડવામાં આવી હોવાનું જાહેર થયું છે. આશરે ૧૦ થી ૧૨ વીઘા જેટલી આ સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી અને આશરે ૫૦૦ થી ૫૫૦ જેટલા આંબા અને મગફળીનું વાવેતર કરવામાં આવતું હતું. આ રીતે ઉપરોક્ત શખ્સ દ્વારા સરકારી જમીન ખેડીને ઉપભોગ કરી, ગેરકાયદેસર રીતે કબજો જમાવવામાં આવ્યો હોવાનું વધુમાં જાહેર થયું છે.

દબાણવાળી આ જગ્યાની કિંમત રૂ. ૧૨,૯૪,૦૦૦ આંકવામાં આવી છે. આ રીતે સરકારી જમીન પચાવી પાડવા સબબ ભાણવડ પોલીસે આરોપી રામદે ગોઢાણીયા વિરુધ્ધ જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ ડીવાયએસપી વી. પી. માનસેતા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# બાઈકને સ્કોર્પિયોએ હડફેટે લેતાં વાવડી આહિર સમાજ પ્રમુખનું મૃત્યુ નિપજયું

જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ફલ્લા ગામ નજીક બાઇક ચાલકને સ્કોર્પિયો કારએ ઠોકર મારી હડફેટ લેતાં અકસ્માતમાં બાઇક સવાર પ્રૌઢનું મોત નિપજયાના બનાવમાં પોલીસે સ્કોર્પિયો ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગત મુજબ જોડિયા તાલુકાના વાવડી ગામમાં રહેતા અને ખેતી કરતાં વાવડી આહિર સમાજના પ્રમુખ પ્રભાતભાઇ રવાભાઇ બાલસરા (ઉ.વ.૬૦) નામના પ્રૌઢ સોમવારે સવારના દસ વાગ્યાના અરસામાં તેના જીજે૧૦-બીસી-૦૦૭૯ નંબરના બાઇક પર ફલ્લા ગામ નજીક વરવાળા હોટલ સામેનો રોડ ક્રોસ કરતાં હતા ત્યારે જામનગર તરફથી આવી રહેલી જીજે૨૫-બીએ-૬૦૪૦ નંબરની કાળા કલરની સ્કોર્પિયો કારના ચાલકે બાઇકને હડફેટ લેતાં પ્રૌઢને શરીરે તથા માથામાં ગંભીર ઇજા પહોંચી હતી.

ઇજાગ્રસ્ત પ્રૌઢને સારવાર માટે



ફલ્લા નજીક સોમવારે સવારે અકસ્માત : પ્રૌઢની સારવાર કારગત ન નિવડી પોલીસ દ્વારા સ્કોર્પિયો ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી

હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. દરમ્યાન પ્રૌઢનું મોત નિપજયાનું ફરજ પરના તબીબોએ જાહેર કર્યું હતું. મૃતક પ્રૌઢ હસમુખા સ્વભાવના અને ગામના અગ્રણી તથા આજુબાજુના ગામમાં લોકચાહના ધરાવતા હતા.

બનાવ અંગે મૃતકના પુત્ર સુરેશભાઇ દ્વારા જાણ કરાતા હે.કો. જી. કે. જાડેજા તથા સ્ટાફે હોસ્પિટલ પહોંચી જઇ મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ માટે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# માતાએ ઘરકામ અંગે ઠપકો આપતા તરૂણીએ ગળેફાંસો ખાધો

શહેરના હર્ષદ મીલની ચાલી વિસ્તારમાં રહેતી તરૂણીને માતાએ આપેલા ઠપકાનું લાગી આવતાં પંખામાં સાડી વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.

આ બનાવની વિગત મુજબ જામનગર શહેરના હર્ષદ મીલની ચાલી વિસ્તારમાં મહાવીરનગર, ગાયત્રી સ્કૂલની બાજુમાં રહેતાં શરદભાઇ દેવજીભાઇ મકવાણા નામના યુવાનની પુત્રી જાનવીબેન શરદભાઇ મકવાણા (ઉ.વ.૧૫) નામની તરૂણીને તેણીની માતાએ ઘરકામ બાબતે ઠપકો આપ્યો હતો. આ ઠપકાનું મનમાં લાગી આવતાં સાંજના સમયે તેના ઘરે રૂમમાં પંખામાં સાડી વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગેની મૃતકના પિતા શરદભાઇ દ્વારા જાણ કરાતાં એએસઆઇ એચ. આર. બાબરિયા તથા સ્ટાફએ સ્થળ પર પહોંચી જઇ મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ માટે મોકલી આગળની તપાસ આરંભી હતી.

# વરસાદના માવઠાથી વ્યથિત ધરતી પુત્રએ પાણીમાં ઝંપલાવ્યું

ભાણવડ તાબેના માનપર ગામે રહેતા એક યુવાન ખેડૂતે ગોલ્ડ લોન લીધી હોય અને તાજેતરના વરસાદના કારણે નુકશાની થતા ચિંતા ગ્રસ્ત હાલતમાં જિંદગી ટૂંકાવી હતી.

આ બનાવની વિગત મુજબ કલ્યાણપુર નજીક આવેલા માનપર ગામે રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા કરશનભાઈ કેશુરભાઈ વાવણોટીયા (ઉ.વ.૩૭) નામના યુવાને બેંકમાંથી ગોલ્ડ લોન લીધી હતી. આ વચ્ચે તાજેતરમાં પડેલા કમોસમી વરસાદના કારણે તેમને નુકસાની થઇ હોય, આ બાબતે તેમણે ડિપ્રેશનમાં આવીને શુક્રવારે કપુરડી નેસ પાછળ આવેલા એક તળાવના કાંઠે પાણીમાં ડૂબી જતા તેમનો મૃત્યુ નિપજ્યું હતું.

મૃતક યુવાન છેલ્લા પાંચેક વર્ષથી માનસિક બીમારીથી પીડાતા પણ હતા. આ બનાવ અંગેની જાણ અરસીભાઈ લખમણભાએ વાવણોટીયાએ ભાણવડ પોલીસને કરતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી જઇ મૃતદેહનો કબ્જો સંભાળી પીએમઅર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

# ધ્રોલ પાસે બે જગ્યાએ થી ૭૦૮ બોટલ દારૂ સાથે ત્રણ શખ્સની ધરપકડ કરાઈ



ધ્રોલ ગામમાં જોડિયા રોડ પરથી પસાર થતી કારને આંતરીને સ્થાનિક પોલીસે તલાશી લેતાં તેમાંથી ૩૨૪ બોટલ દારૂ અને મોબાઇલ સાથે જામનગરના શખ્સની ધરપકડ કરી કુલ રૂા. ૬.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બીજો દરોડો જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર સોયલ ટોલનાકા પાસેથી પસાર થતી સ્વિફ્ટ કારને આંતરી તલાશી લેતાં તેમાંથી રૂા. ૩,૮૨,૦૦૦ની કિંમતની ૩૮૪ ઇંગ્લીશ દારૂની બોટલ સાથે બે શખ્સોની ધરપકડ કરી કુલ રૂપિયા ૬,૯૭,૦૦૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બન્ને દારૂના દરોડામાં જામનગરના શખ્સે દારૂ મંગાવ્યો હોવાનું ખુલતા પોલીસે ત્રણ શખ્સોને દબોચી લઇ દારૂ મંગાવનારની ધરપકડ માટે શોધખોળ આરંભી હતી.

દારૂના દરોડાની વિગત મુજબ પ્રથમ દરોડો ધ્રોલ ગામમાં જોડિયા રોડ પરથી કારમાં દારૂનો જથ્થો લઇ જવાતો હોવાની બાતમીના આધારે પીઆઇ એચ. વી. રાઠોડ તથા સ્ટાફે વોચ ગોઠવી હતી. દરમ્યાન બાતમી મુજબની જીજે૨૭-એએ-૬૬૭૭ નંબરની સ્વિફ્ટ કાર પસાર થતાં તેને આંતરીને તલાશી લેતાં કારમાંથી રૂા. ૩,૫૬,૪૦૦ની કિંમતની ઇંગ્લીશ દારૂની ૩૨૪ બોટલ અને રૂા. ૧૦ હજારની કિંમતનો એક મોબાઇલ ફોન મળી આવતા ધ્રોલ પોલીસે સુનિલ જયસુખ મકવાણા (ઉ.વ.૩૩, રહે. હાપા, જામનગર) નામના શખ્સની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરતાં દારૂનો જથ્થો સદામ ઉર્ફે મુન્નો બોદુ સફિયા નામના શખ્સે મંગાવ્યો હોવાની કેફિયતના આધારે પોલીસે બે શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી કુલ રૂા. ૬,૬૬,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે બીજો દરોડો જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર સોયલ ટોલનાકા પાસેથી સ્વિફ્ટ કારમાં દારૂનો જથ્થો પસાર થવાની ક્રિપાલસિંહ જાડેજા, સુમિતભાઇ શિયાળ, ભયપાલસિંહ જોડજાને મળેલી સંયુક્ત બાતમીના આધારે પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીની સૂચનાથી પીઆઇ વી.એમ. લગારીયા, પીએસઆઇ સી. એમ. કાંટેલિયા, પી.એન. મોરી તથા સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદભાઈ પરમાર, દિલીપભાઈ તલાવાડિયા, હિરેનભાઈ વરણવા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઈ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, કાસમ બ્લોચ, નિર્મળસિંહ જાડેજા, બળવંતસિંહ પરમાર, મયૂરસિંહ પરમાર, યુવરાજસિંહ ઝાલા, ભયપાલસિંહ જાડેજા, અજયભાઈ વીરડા, કિશોરભાઈ પરમાર, ઋષિરાજસિંહ વાળા, ભરતભાઈ ડાંગર, ઘનશ્યામભાઈ ડેરવાડિયા, સુમિતભાઈ શિયાર, સુરેશભાઈ માલકિયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, દયારામ ત્રિવેદી, બિજલભાઈ બારાસરા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર સહિતના સ્ટાફે વોચ ગોઠવી હતી.

દરમ્યાન બાતમી મુજબની જીજે૧૭-બીએચ-૧૮૯૭ નંબરની સ્વિફ્ટ કાર પસાર થતાં એલસીબીની ટીમએ કારને આંતરીને તલાશી લેતાં તેમાંથી રૂા. ૩,૮૨,૮૦૦ની કિંમતની ૩૮૪ નંગ ઇંગ્લીશ દારૂની બોટલ અને રૂા. ૧૫ હજારની કિંમતના બે મોબાઇલ ફોન તથા રૂા. ૩ લાખની કિંમતની (અનુ. પાના ૨ પર)

# પ્રેમલગ્નનો ખાર રાખી યુવકનું ચાર શખ્સો દ્વારા અપહરણ કરાયું

દ્વારકા વિસ્તારમાં રહેતા અને મૂળ મહારાષ્ટ્ર રાજ્યના એક શ્રમિક યુવાને થોડા સમય પૂર્વે પ્રેમ લગ્ન કરવા માટે યુવતીનું અપહરણ કર્યું હોય, આ બાબત યુવતીના ભાઈઓને ન ગમતા ચાર શખ્સોએ આયોજનબદ્ધ રીતે યુવાનોનું અપહરણ કર્યું હતું. આ પ્રકરણમાં દ્વારકા પોલીસ સહિતના સ્ટાફે તાકીદની કાર્યવાહી કરી, ત્રણ શખ્સોને લીંબડી ખાતેથી ઝડપી લઈ, ભોગ બનનાર યુવાનનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. જ્યારે અન્ય એક આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે. અદાલતે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

આ સમગ્ર પ્રકરણની સિલસિલાબંધ વિગત એવી છે કે મહારાષ્ટ્ર રાજ્યના નંદુરબાર જિલ્લાના ધડગાંવ તાલુકાના મૂળ રહીશ અને હાલ ઓખા મંડળના નાગેશ્વર વિસ્તારમાં રહી અને મજૂરી કામ કરતાં સુકલાલ ગુલસિંગભાઈ જોજારભાઈ નાયક નામના ૩૩ વર્ષના આદિવાસી યુવાને એક યુવતી સાથે થોડા સમય પૂર્વે પ્રેમ લગ્ન કરવા માટે અપહરણ કરતા આ બાબત તેણીના પરિવારજનોને પસંદ ના હોય, બનાવના પાંચેક દિવસ પૂર્વે તેણીનો ભાઈ ડુંગરસિંગ જામસિંગ પાવરા (ઉ.વ. ૩૧, રહે નંદુરબાર, મહારાષ્ટ્ર) અહીં આવ્યો હતો. અહીં આવીને તેણે તેના અન્ય એક મિત્ર સંજય કેશુ અલાવા (ઉ.વ. ૨૫, રહે. ધાર જીલ્લો - મધ્યપ્રદેશ) નો સંપર્ક કર્યો હતો.







અહીંથી તેઓએ એક મોટરસાયકલમાં બેસીને જતા સુકલાલને સુઈ જતા ઉપરોક્ત આરોપીઓએ અન્ય એક આરોપી એવા હરસી લખુ પારીયા (ઉ. વ. ૨૯, રહે. વસઈ- દ્વારકા, મૂળ રહે. મોવાણ - ખંભાળિયા) સાથે મોટર સાયકલ પર બેસીને સુકલાલનો પીછો કર્યો હતો. અહીંથી આરોપીઓએ સુકલાલને પોતાના મોટરસાયકલ પર બેસાડીને અપહરણ કર્યું હતું.

આ બાદ આરોપી સંજયએ ટેક્સી ચાલક રવુભાને ફોન કરીને અમદાવાદ જવાનું જણાવીને રૂ. ૧૨,૦૦૦માં ટેક્સી ભાડે કરી હતી. ત્યાર બાદ તેઓ કલ્યાણપુર - વસઈ રોડ પરથી સુકલાલને ટેકસીમાં બેસાડીને નાગેશ્વરથી ચરકલા રોડ થઈને ખંભાળિયા, જામનગર અને રાજકોટ-સાયલાથી લીંબડી પહોંચ્યા હતા.

આ દરમિયાન સુકલાલ ગુલાબસિંગભાઈ આદિવાસીનું અપહરણ થયા અંગેની ફરિયાદ પોલીસમાં કરવામાં આવતા દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડ તેમજ તેમની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસની મદદથી આરોપીઓ ડુંગરસિંગ જામસિંગ પાવરા સંજય કેશુ અલાવા અને હરશી લખુ પરીયાને લીંબડી ખાતેથી દબોચી લીધા હતા. અને ભોગ બનનાર સુકલાલનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ઝડપાયેલા આ ત્રણેય આરોપીઓને સ્થાનિક અદાલતમાં રજૂ કરતા નામદાર અદાલતે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

આ પ્રકરણમાં મુખ્ય આરોપી ડુંગરસિંગ પાવરાનો ભાઈ જીતેન્દ્ર જામસિંગ પાવરાની પણ સંડોવણી હોવાથી પોલીસે તેને પણ ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# નાસ્તો આપવાની ના પાડતાં યુવક અને તેના પિતા ઉપર હુમલો થયો

જામનગર શહેરના કૌશલનગર વિસ્તારમાં રાત્રિના સમયે નાસ્તાની રેંકડી લઈને ઘરે જતાં યુવાને રસ્તામાં માલ-સામાન ન હોવાથી નાસ્તો આપવાની ના પાડતાં ત્રણ શખ્સોએ યુવાનને ગાળો કાઢી હવા ભરવાના પંપ વડે હુમલો કર્યો હતો. યુવાનને બચાવવા વચ્ચે પડેલા પિતા સહિતના ત્રણ વ્યક્તિઓ ઉપર પણ હુમલો કરી પતાવી દેવાની ધમકી આપી હતી.

આ બનાવની વિગત મુજબ જામનગર શહેરના લાલવાડી ચોકડી પાસે આવેલા કૌશલનગરમાં રહેતાં રાજેશભાઇ હેમતભાઇ પરમાર (ઉ.વ. ૪૧) નામનો યુવાન ગત્ તા. ૦૧ નવેમ્બરના રોજ રાત્રિના સમયે સાડા નવ વાગ્યે તેની નાસ્તાની રેંકડી લઈને ઘર તરફ જતો હતો ત્યારે ઘર પાસે પહોંચ્યો તે સમયે ગીરીરાજ ઉર્ફે ગીરી ડોન રઘુભા જાડેજા નામના શખ્સે નાસ્તો માંગ્યો હતો. પરંતુ માલ-સામાન ન હોવાથી નાસ્તો આપવાની ના પાડી હતી. આથી ઉશ્કેરાયેલા ગીરીરાજએ યુવાનને ગાળો કાઢી હતી. ત્યારબાદ કારમાં આવીને રાજેશને ગાળો કાઢી, ઢીકાપાટુનો માર મારી તેની જ રેંકડીમાં રહેલા હવા ભરવાના પંપ વડે રાજેશ ઉપર હુમલો કર્યો હતો. યુવાન ઉપર હુમલો થતાં તેના પિતા હેમતભાઇ, દીપકભાઇ તથા નયનાબેન વચ્ચે છોડાવવા પડ્યા હતાં. પરંતુ ગીરીરાજ અને બે અજાણ્યા સહિતના ત્રણ શખ્સોએ મહિલા સહિતના ચાર વ્યક્તિઓને ગાળો કાઢી, ઢીકાપાટુનો માર મારી આડેધડ પંપના ઘા ઝિંકી ઇજા પહોંચાડી હતી. આ ઉપરાંત રાજેશને નાસ્તાની ના પાડતો નહીં, નહીંતર પતાવી દઇશ તેવી ધમકી આપી હતી.

હુમલાના બનાવમાં ઘવાયેલા પિતા-પુત્રને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બનાવની જાણના આધારે પીએસઆઇ વી. આર. ગામેતી તથા સ્ટાફે ત્રણ શખ્સો વિરૂધ્ધ હુમલો કરી ધમકી આપ્યા અંગેનો ગુનો નોંધી આગળની કાર્યવાહી આરંભી હતી.

## જાહેર નોટીસ

શ્રી જામજોધપુરના એકજી . મેજી - સાહેબની કોર્ટમા

જો. કો.પ. અ. કેસ, નં ૨૧૮/૨૦૨૫

હાજાણી ધોડજીભાઈ જશાભાઈ
ઉ.વ. આ-પુખ્ત ધંધો-ખેતી
મુ.વેરાવળ તા. જામજોધપુર, જી. જામનગર...............અરજદાર

વિરુધ્ધ

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી અને
સબ રજીસ્ટ્રાર કોઠાવિરડી ગ્રામ પંચાયત..................સામાવાળા

**અરજદારના વિવકીલ શ્રી : એ.એ.ચાવડા એડવોકેટ**

**વિષયઃ– જન્મ મરણ નોધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૩ (૩) મુજબ જન્મ નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે,આ કામના અરજદારઃ-હાજાણી ધોડજીભાઈ જશાભાઈ રે. કોઠાવિરડી.તા. જામજોધપુર, જી.જામનગરવાળાનો તા. ૧૩/૧૨/૧૯૯૭ ના રોજ જામજોધપુર તાલુકાના કોઠાવિરડી મુકામે જન્મ થયેલ હોવા અંગેની નોધ સામાવાળા તેમના દફ્તરે કરી આપે તેવો હુકમ મેળવવા આ કોર્ટમાં અરજ કરેલ છે. વાસ્તે અરજદારની અરજી મંજુર થવા સામે જે કોઈ વ્યક્તિ કે શખ્સને કોઈ વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ દૈનીક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયે દિનથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમા સવારના ૧૧ઃ ૩૦ કલાકે વાંધા રજુ કરવા જાતે અથવા વકીલ મારફતે હાજર રહેવુ, અન્યથા કાયદેસરનો હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજરોજ તા. ૬ મી, માહે, નવેમ્બર -૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનું સિલ કરી આપ્યુ.

(કે.સી. વાઘેલા)
મામલતદાર અને એકઝિક્યુટિવ
મેજિસ્ટ્રેટ જામજોધપુર

## જાહેર નોટીસ

શ્રી જામજોધપુરના એકજી . મેજી - સાહેબની કોર્ટમા

જો. કો.પ. અ. કેસ, નં ૨૧૭/૨૦૨૫

હાજાણી જગુભાઈ જશાભાઈ
ઉ.વ. આ-પુખ્ત ધંધો-ખેતી
મુ.વેરાવળ તા. જામજોધપુર, જી. જામનગર...............અરજદાર

વિરુધ્ધ

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી અને
સબ રજીસ્ટ્રાર કોઠાવિરડી ગ્રામ પંચાયત..................સામાવાળા

**અરજદારના વિવકીલ શ્રી : એ.એ.ચાવડા એડવોકેટ**

**વિષયઃ– જન્મ મરણ નોધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૩ (૩) મુજબ જન્મ નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે,આ કામના અરજદારઃ-હાજાણી જગુભાઈ કરમણભાઈનો જન્મ તા. ૧૪-૧૨-૧૯૭૩ના રોજ જામજોધપુર તાલુકાના કોઠાવિરડી મુકામે થયેલ હોવા અંગેની નોધ સામાવાળા તેમના દફ્તરે કરી આપે તેવો હુકમ મેળવવા આ કોર્ટમાં અરજ કરેલ છે. વાસ્તે અરજદારની અરજી મંજુર થવા સામે જે કોઈ વ્યક્તિ કે શખ્સને કોઈ વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ દૈનીક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયે દિનથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમા સવારના ૧૧ઃ ૩૦ કલાકે વાંધા રજુ કરવા જાતે અથવા વકીલ મારફતે હાજર રહેવુ, અન્યથા કાયદેસરનો હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજરોજ તા. ૬ મી, માહે, નવેમ્બર -૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનું સિલ કરી આપ્યુ.

(કે.સી. વાઘેલા)
મામલતદાર અને એકઝિક્યુટિવ
મેજિસ્ટ્રેટ જામજોધપુર

## જાહેર નોટીસ

જામજોધપુર ના મે.મામલતદાર અને એકઝીક્યુટીવ
મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં

નં. મેજી./જન્મ નોધ . રજી. ન.૨૨૭/૨૦૨૫

પટ્ટા શહીદ જુણેજા
ઉ.વ. આ-પુખ્ત ધંધો-ખેતી
મુ.અમરાપર તા. જામજોધપુર, જી. જામનગર...............અરજદાર

વિરુધ્ધ

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી અને
સબ રજીસ્ટ્રાર અમરાપર ગ્રામ પંચાયત..................સામાવાળા

**અરજદારના વિવકીલ શ્રી : એ.એ.ચાવડા એડવોકેટ**

**વિષયઃ– જન્મ મરણ નોધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૩ (૩) મુજબ જન્મ નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદાર પટ્ટા શહીદ જુણેજા નો જન્મ તારીખ ૦૮/૦૯/૧૯૮૩ ના રોજ જામજોધપુર તાલુકાના અમરાપર મુકામે જન્મ થયેલ હોવા અંગેની નોંધ સામાવાળા તેમના દફતરે કરી આપે તેવો હુકમ મેળવવા આ કોર્ટમાં અરજ કરેલ છે. વાસ્તે અરજદારની અરજી મંજુર થવા સામે જે કોઈ વ્યક્તિ કે શખ્સને કોઈ વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ દેનીક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયે દિન થી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં સવારના ૧૧ઃ-૩૦ કલાકે વાંધા રજુ કરવા જાતે અથવા વકીલ મારફતે હાજર રહેવુ અન્યથા કાયદેસરનો હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી. આજરોજ તા. ૬ મી, માહે નવેમ્બર ૨૦૨૫ના સેજ મારી સહી તથા કોર્ટનું સિલ કરી આપ્યુ,

(કે.સી. વાઘેલા)
મામલતદાર અને એકઝિક્યુટિવ
મેજિસ્ટ્રેટ જામજોધપુર

## જાહેર નોટીસ

શ્રી જામજોધપુરના એકજી . મેજી . સાહેબની કોર્ટમા

જો. કો. ૫. અ. કેસ નં ૨૨૦/૨૦૨૫

સુમાત વિસરાજભાઈ સોમાતભાઈ
ઉ. વ. આ-પુખ્ત ધંધી - ખેતી
મુ. વેરાવળ તા જામજોધપુર, જી. જામનગર.............અરજદાર
વિરુધ્ધ
જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી અને
સબ રજીસ્ટ્રાર કોઠાવિરડી, ગ્રામ પંચાયત..................સામાવાળા

**અરજદારના વિવકીલ શ્રી : એ.એ.ચાવડા એડવોકેટ**

**વિષયઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૩ (૩) મુજબ જન્મ નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર સુમાત વિસરાજભાઈ નો જન્મ તારીખ ૨૬/૦૧/૨૦૧૬ ના રોજ જામજોધપુર તાલુકાના કોઠાવિરડી મુકામે થયેલ હોવા અંગેની નોંધ સામાવાળા તેમના દફતરે કરી આપે તેવો હુકમ મેળવવા આ કોર્ટમાં અરજ કરેલ છે. વાસ્તે અરજદારની અરજી મંજુર થવા સામે જે કોઈ વ્યક્તિ કે શખ્સને કોઈ વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ દિનીક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયે દિનથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમા સવારના ૧૧ઃ-૩૦ કલાકે વાંધા રજુ કરવા જાતે અથવા વકીલ મારફતે હાજર રહેવું, અન્યથા કાયદેસરનો હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજરોજ તા.૬મી. માહે નવેમ્બર-૨૦૨૫.ના રોજ મારી સહી તથા કોર્ટનું સિલ કરી ખાપ્યુ

(કે.સી. વાઘેલા)
મામલતદાર અને એકઝિક્યુટિવ
મેજિસ્ટ્રેટ જામજોધપુર

PRINTER/PUBLISHER/OWNED BY PARMAR JITENDRA* PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST. JAMNAGAR, GUJARAT.* PUBLISHED AT 151 BUS STAND NEAR P.H.C SOCIETY SAMANA, Tal :- JAMJODHPUR, DISTRICT :- JAMNAGAR-360520. EDITOR :- PARMAR JITENDRA* Mo.No : 972676 1111